www.kamalamgujarat.com

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

Friday
23.07.2021
*Volume :5 * Issue No. 342
Email.: kamalamgujarat@gmail.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)



વંદે માતરમ્

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

વંદે માતરમ્

GUJGUJ/2016/73451

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :06*Rs. 00.25/- *Annual Rs. 90/-

### કોરોના સામે વેપારીઓ-સેવાકિય સંસ્થાઓના કર્મચારીઓને સુરક્ષિત કરવા ખાસ આયોજન

# રાજ્યમા આગામી તા.૨૫મી જુલાઈએ વેપારીઓ-સેવાકિય સંસ્થાઓના કર્મચારીઓ માટે ખાસ વેક્સિનેશન કેમ્પ યોજાશે: નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ



- રાજ્યભરમાં અત્યાર સુધી ૩.૧ કરોડથી વધુ નાગરિકોનુ વેક્સિનેશન
- દરરોજ ત્રણ લાખથી વધુ નાગરિકોને કોરોનાની રસી આપવામા આવી રહી છે
- રાજ્યમાં પૂરતા પ્રમાણમાં રસીનો જથ્થો ઉપલબ્ધ


કમલમ દૈનિક,

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે, કોરોના સામેની લડાઈમાં રક્ષિત થવા માટે વેકિસન જ અમોઘ શસ્ત્ર પુરવાર થઈ રહ્યુ છે, ત્યારે રાજય સરકાર દ્વારા વેકસિનેશન ને ખાસ પ્રાધાન્ય આપીને સમય બધ્ધ આયોજન કર્યુ છે જેના પરિણામે રાજયભરમાં અત્યાર સુધીમા ૩.૧ કરોડથી વધુ નાગરિકોને કોરોનાની રસી આપીને સુરક્ષિત કરી દેવાયા છે અને દરરોજ ત્રણ લાખથી વધુ નાગરિકોને રસી આપવામા આવે છે. આગામી તા.૨૫ જુલાઈ, ૨૦૨૧ ને રવિવારના રોજ રાજયભરમાં વેપારીઓ-સેવાકિય સંસ્થાઓના કર્મચારીઓ માટે ખાસ વેકિસનેશન કેમ્પનુ આયોજન કરાયુ છે તો સૌ વેપારીઓ-કર્મચારીઓને મહત્તમ લાભ લેવા અપીલ છે.નાયબ મુખ્યમંત્રી શ્રી પટેલે ઉમેર્યુ કે, રાજય સરકારની અસરકારક કામગીરીને પરિણામે કોરોનાનુ સંક્રમણ ઘટ્યુ છે અને ઉત્તરોત્તર કેસોની સંખ્યામા પણ ઘટાડો થઈ રહ્યો છે હવે છેલ્લા બે-ત્રણ દિવસથી ૨૫ થી નીચે કેસો નોધાય છે. રાજયમાં નાગરિકોના સહયોગથી સંક્રમણને રોકવામા સફળતા મળી છે ત્યારે આગામી સમયમા પણ નાગરિકો આવોને આવો સહયોગ આપીને સંયમ રાખે અને કોરોનાના યોગ્ય પ્રોટોકોલ સોશ્યલ ડીસ્ટન્સીગ અને માસ્ક અવશ્ય પહેરશુ તો ચોકકસ આપણે ગુજરાતને કોરોના મુકત બનાવી શકીશુ.

તેમણે ઉમેર્યુ કે, રાજયમા સંક્રમણનું પ્રમાણ ઘટી રહ્યુ છે ત્યારથી જ ધંધા રોજગાર પૂર્વવત થાય અને નાના લોકોને રોજગારી મળી રહે અ આશયથી રાજય સરકારે કોરોનાના પ્રોટોકોલના ચુસ્ત અમલ સાથે અનેક છૂટછાટો આપી છે એવા સંજોગોમા વેપારીઓનો પણ સારો સહયોગ સાપડ્યો છે ત્યારે નાના વેપારીઓ પણ આ રસીકરણ કેમ્પનો મહત્તમ લાભ લઈ પોતે અને ગ્રાહકોને પણ સુરક્ષિત રાખે એ જરૂરી છે. નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ કે, રાજ્યમાં હાલ તા.૨૨.૦૭.૨૦૨૧ ના રોજ ૧૫ લાખ ૧૮ હજાર ૨૫૦ વેક્સીનના ડોઝ ઉપલબ્ધ છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૨ કરોડ ૩૧ લાખ ૫૨ હજાર વ્યક્તિઓને પ્રથમ ડોઝ અને ૭૦ લાખ ૨૨ હજાર ૫૭૧ વ્યક્તિઓને બીજો ડોઝ આમ બંને મળી કુલ ૩ કરોડ ૧ લાખ ૭૪ હજાર ૭૮૯ ને વેક્સીનના ડોઝ આપી દેવાયા છે. ૧૮ થી ૪૫ વર્ષની વયના ૩ કરોડ ૦૯ લાખ ૬૩ હજાર ૫૮૯ નાગરિકોને ભારત સરકારના સહયોગથી વિનામૂલ્યે વેક્સીન આપવાની થાય છે. તે પૈકી ૯૮ લાખ ૫૯ હજાર ૪૩૨ વ્યક્તિઓને વેક્સીન અપાઈ ચુકી છે. તેમણે ઉમેર્યુ કે, વેપારી-હોટલ-સેવાકિય ક્ષેત્રના કર્મચારીઓને ગૃહ વિભાગના જાહેરનામા અનુસાર તા.૩૧.૦૭.૨૦૨૧ સુધીમાં વેક્સીન લેવાની જરૂરીયાતને ધ્યાને લઈને વેપારી વર્ગ અને સેવાકિય વર્ગના કર્મચારીઓને તા.૩૧.૦૭.૨૦૨૧ સુધીમાં રસીકરણ થઈ જાય તે માટે તા.૨૫.૦૭.૨૦૨૧, રવિવારના રોજ સ્પેશ્યલ વેક્સીનેશન કેમ્પનું ૧૮૦૦ સેન્ટરો ઉપર આયોજન કરાયું છે. જેનો વેપારીઓ-કર્મચારીઓને લાભ લેવા અપીલ છે.

### દસ કલાકમાં ૬૮.૭૨ મીમી વરસાદથી જળબંબાકારની સ્થિતિ

# ભારે વરસાદને કારણે માયાનગરીના બેહાલ, અનેક વિસ્તારોમાં જાહેર કરાયું રેડ એલર્ટ



કમલમ દૈનિક, મુંબઈ,

મુંબઈ સહિત મહારાષ્ટ્રના ઘણા વિસ્તારોમાં બુધવારે પણ ભારે વરસાદ પડ્યો હતો. ત્યારે આજે પણ ભારે વરસાદની આશંકાને પગલે ભારતીય હવામાન વિભાગ દ્વારા મુંબઈ શહેરમાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યુ છે. જ્યારે મહારાષ્ટ્રના જલના, બીડ, નાંદેડ, લાતુર, પરભણી, હિંગોલી, સતારા, પુના, રત્નાગીરી, સિંધુદુર્ગ સહિતના વિસ્તારોમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

મુંબઈમાં અવિરત વરસાદને પગલે શહેરના અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. ઉપરાંત રસ્તાઓ પણ વરસાદી પાણીમાં ગરકાવ થઈ જતા લોકોએ ભારે હાલકીનો સામનો કરવો પડ્યો હતો.

ઉપરાંત, ભારે વરસાદને પગલે ટ્રેન સેવા પણ પ્રભાવિત થઈ હતી. શહેરમાં ઉંબરમાળી રેલ્વે સ્ટેશન અને કસારા વચ્ચેની લોકલ ટ્રેન સેવા થોડા સમય માટે સ્થગિત કરવાની ફરજ પડી હતી. ભારતીય હવામાન વિભાગ દ્વારા મુંબઈ સહિત મહારાષ્ટ્રના ઘણા જિલ્લાઓમાં વરસાદની સંભાવના વ્યક્ત કરી છે અને અનેક શહેરોમાં એલર્ટ આપવામાં આવ્યું છે.

ભારતીય હવમાન વિભાગના જણાવ્યા મુજબ, ગુરુવારે મુંબઈમાં ભારે વરસાદની આગાહીને પગલે 'ઓરેંજ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે. જે દર્શાવે છે કે શહેરના કેટલાક સ્થળોએ ભારેથી અતિભારે વરસાદની આગાહી વ્યક્ત કરે છે. ઉલ્લેખનીય છે કે, બુધવારે ભારે વરસાદને કારણે ઉંબરમાળી રેલ્વે સ્ટેશન અને કસારા વચ્ચેની લોકલ ટ્રેન સેવા સ્થગિત કરી દેવામાં આવી હતી.

રેલવે ટ્રેક પર પાણી ભરાવાને કારણે રેલવે સેવા સ્થગિત કરવાની ફરજ પડી હતી. રેલવે પ્રવક્તાએ જણાવ્યું હતું કે, "રેલવે ટ્રેક પર વચ્ચે પાણી ભરાવાના કારણે મધ્ય રેલ્વેના ખારડી અને ઈગતપુરી સ્ટેશનો વચ્ચેની રેલવે સેવા પણ સ્થગિત કરવામાં આવી હતી.

બોમ્બે મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓએ જણાવ્યું હતું કે, બુધવારે દસ કલાકમાં મુંબઈમાં ૬૮.૭૨૭૨ મીમી જેટલો વરસાદ નોંધાયો હતો. જ્યારે શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારોમાં ૫૮.૭૫ મીમી અને ૫૮.૨૪ મીમી વરસાદ નોંધાયો હતો.

# ચીનમાં સંશોધકોને બરફમાં ૧૫૦૦૦ વર્ષથી રહેલા ૩૩ વાયરસ મળ્યા



કમલમ દૈનિક, બેઈજીંગ,

દુનિયાભરમાં કોરોના વાયરસનુ ઉદગમ સ્થાન મનાતા ચીનના લ્હાસામાં બરફ હેઠળ દબાયેલા ૩૩ વાયરસના જેનેટિક કોડ વૈજ્ઞાનિકોને મળી આવ્યા છે. આ પૈકીના ૨૮ વાયરસ એવા છે જે દુનિયાએ પહેલા ક્યારેય જોયા નથી. એવુ મનાઈ રહ્યુ છે કે, આ વાયરસ ૧૫૦૦૦ વર્ષ જુના છે અને બરફ નીચે રહેવાના કારણે અત્યાર સુધી તે બચી શક્યા છે. આ વાયરસ જેનેટિક કોડ મળાથી વૈજ્ઞાનિકોને એવી આશા જાગી છે કે, આ પ્રકારનુ વાતાવરણ ધરાવતા બીજા ગ્રહો પર પણ જીવન હોવાની શક્યતા મજબૂત બનશે.જેમ કે મંગળ ગ્રહ. આ સંશોધનમાં સામેલ અમેરિકાના વૈજ્ઞાનિક મેથ્યુ સુલિવનનુ કહેવુ છે કે, વાયરસ અત્યંત કપરા વાતાવરણમાં પણ બચી શક્યા છે. તેમનામાં એવા જીન છે જે તેમને મદદ કરે છે.તેને શોધવુ જોકે મુશ્કેલ છે. કારણકે બરફમાંથી કાઢીને તેનો અભ્યાસ કરવા સુધીમાં ઘણી સાવધાની રાખવી પડે છે. ચીનમાં તિબ્બતના લ્હાસા નજીકના બરફિલા વિસ્તારમાં આ માટે ખોદકામ કરવામાં આવ્યુ હતુ અને તેમાંથી સેમ્પલ લઈને તેનુ ઓલિસિસ કરાયુ હતુ. સંશોધનમાં સામેલ ચીનના વૈજ્ઞાનિક જી પિંગ જોન્ગનુ કહેવુ છે કે, ગ્લેસિયર ધીરે ધીરે બને છે અને અહીંયા ધુળ, ગેસ અને વાયરસ પણ જમા થતા હોય છે. આ પ્રકારની ટેકનિક મંગળ ગ્રહ જેવી જગ્યાઓ પર પણ જીવનની ખોજ કરવામાં કામ લાગી શકે છે.

# અનાજ વિતરણ કેન્દ્ર પર લાભાર્થીઓને કાપડની બેગનું વિતરણ કર્યું



ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના માધ્યમથી તૈયાર કરાયેલ અનાજ ભરવાની કાપડની બેગનું મહાનગરના વિવિધ વિસ્તારોમાં અનાજ વિતરણ કેન્દ્રો પર ભાજપા સંગઠન દ્વારા લાભાર્થીઓને કરાઈ રહ્યું છે વિતરણ



ઘાટલોડિયા વિધાનસભાના ધારાસભ્યશ્રી ભૂપેન્દ્ર પટેલ અને મહાનગર ભાજપા પ્રમુખશ્રી રૂચિર ભટ્ટ વાવોલ અને પેથાપુર ખાતે અનાજ વિતરણ કેન્દ્ર પર લાભાર્થીઓને કાપડની બેગનું વિતરણ કર્યું તેમજ વાવોલ ખાતે રસીકરણ કેન્દ્રની મુલાકાત લીધી .

કમલમ દૈનિક,

દેશના લોકલાડીલા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ દેશના ૮૦ કરોડ નાગરિકોને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ દર મહિને વિનામૂલ્ય અનાજ વિતરણ થઈ રહ્યું છે અને તે દિવાળી સુધી ચાલુ રહેવાનું છે ત્યારે ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના માધ્યમથી તૈયાર કરાયેલ અનાજ ભરવાની કાપડની બેગનું મહાનગરના વિવિધ વિસ્તારોમાં અનાજ વિતરણ કેન્દ્રો પર ભાજપા સંગઠનના મુખ્ય બોડીના તેમજ વોર્ડના હોદ્દેદારો , અગ્રણીશ્રીઓ , ઉમેદવારશ્રીઓ અને કાર્યકર્તાઓ દ્વારા લાભાર્થીઓને વિતરણ કરાઈ રહ્યું છે . આજરોજ મહાનગરની હદમાં આવતા વાવોલ અને પેથાપુર ખાતે ઘાટલોડિયા વિધાનસભાના ધારાસભ્યશ્રી ભૂપેન્દ્ર પટેલ અને મહાનગર ભાજપા પ્રમુખશ્રી રુચિર ભટ્ટ અનાજ વિતરણ કેન્દ્રની મુલાકાત લઈ કાપડની બેગનું વિતરણ કર્યું હતું તેમજ વાવોલ ખાતે રસીકરણ કેન્દ્રની મુલાકાત પણ કરી હતી . આ કાર્યક્રમમાં મહાનગરના



મહામંત્રીશ્રી કનુભાઈ દેસાઈ , કોષાધ્યક્ષશ્રી જયેશભાઈ બ્રહ્મભટ્ટ , કાર્યાલય મંત્રીશ્રી હરીશ રાણા , વોર્ડ નંબર ૨ , ૪ અને ૭ ના ભાજપા સંગઠનના પ્રમુખ સહિત પદાધિકારીઓ , ભાજપા ઉમેદવારશ્રીઓ તેમજ અગ્રણીશ્રીઓ જોડાયા હતા .

# સૌના સાથ, સૌના વિકાસ થકી જનભાગીદારી દ્વારા લોકોને જોડીને સુશાસનના પાંચ વર્ષના નિમિત્તે કાર્યક્રમો કરાશે : ગૃહ રાજ્ય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા



- મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વ હેઠળ સુશાસનના પાંચ વર્ષની જન ભાગીદારીથી જન ઉપયોગી કાર્યો- સેવાઓને વધુ સઘન બનાવાશે : ફ્લેગ શીપ યોજનાઓનો પ્રજાલક્ષી વ્યાપ વધારાશે
- કોરોનાના સંક્રમણને ધ્યાને રાખી તમામ SOPના પાલન સાથે રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરાશે

| | |
|---|---|
| તા. ૦૧ ઓગષ્ટ-૨૦૨૧ | જ્ઞાનશક્તિ દિવસ |
| તા. ૦૨ ઓગષ્ટ -૨૦૨૧ | સંવેદના દિવસ |
| તા. ૦૪ ઓગષ્ટ-૨૦૨૧ | નારી ગૌરવ દિવસ |
| તા. ૦૫ ઓગસ્ટ-૨૦૨૧ | કિસાન સન્માન દિવસ |
| તા. ૦૬ ઓગસ્ટ-૨૦૨૧ | રોજગાર દિવસ |
| તા.૦૭ ઓગસ્ટ-૨૦૨૧ | વિકાસ દિવસ |
| તા.૦૮ ઓગસ્ટ-૨૦૨૧ | શહેરી જન સુખાકારી દિન |
| તા.૦૯ ઓગસ્ટ-૨૦૨૧ | વિશ્વ આદિવાસી દિવસ |

કમલમ દૈનિક,

રાજયના મુખ્ય મંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના દીધર્દ્રષ્ટિપૂર્ણ નેતૃત્વ હેઠળ ગુજરાતમાં અનેક જન ઉપયોગી યોજનાઓનો આરંભ થયો અને રાજયના નાગરિકોને આ યોજનાઓનો લાભ થયો છે. રાજયને મુખ્ય મંત્રીશ્રી રૂપાણીનું નેતૃત્વ મળ્યે આગામી ઓગસ્ટ માસમાં પાંચ વર્ષ પૂર્ણ થશે તેના નિમિત્તો "પાંચ વર્ષ આપણી સરકારના- સૌના સાથ, સૌના વિકાસના"પ. અંતર્ગત રાજયભરમાં વિવિધ કાર્યક્રમો થકી રાજયની અવિરત વિકાસ યાત્રાને વધુ વેગવંતી બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે તેમ ગૃહ રાજય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે. શ્રી જાડેજાએ વધુમાં જણાવ્યું કે, સૌના સાથ, સૌના વિકાસ...થકી જનભાગીદારી દ્વારા લોકોને જોડીને સુશાસનના પાંચ વર્ષ નિમિત્તે વિવિધ લોકોપયોગી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ છે. આ કાર્યક્રમ અંતર્ગત મુખ્ય મંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વ હેઠળ સુશાસનના પાંચ વર્ષની જન ભાગીદારીથી જન ઉપયોગી કાર્યો-સેવાઓને વધુ સઘન બનાવાશે અને વિવિધ ફ્લેગ શીપ યોજનાઓનો વ્યાપ પણ વધારાશે. એટલુ જ નહીં, વર્તમાન કોરોનાના સંક્રમણની પરિસ્થિતિને ધ્યાને રાખીને તમામ કોવિડ પ્રોટોકોલ અને નીતિ નિયમોનું ચુસ્ત પાલન કરીને રાજયભરમાં આ વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરાશે. "પાંચ વર્ષ આપણી સરકારના- સૌના સાથ, સૌના વિકાસના"પ. અંતર્ગત યોજાનાર આ કાર્યક્રમોની વિગતો આપતા મંત્રીશ્રી જાડેજાએ ઉમેર્યુ કે, આગામી તા. ૧લી ઓગષ્ટ રવિવારના રોજ "જ્ઞાનશક્તિ દિવસ અંતર્ગત શિક્ષણને લગતા કાર્યક્રમોનું આયોજન કરી રાજયના શિક્ષણ ક્ષેત્રને વધુ શ્રેષ્ઠ બનાવવાની દિશામાં પ્રયત્નો કરાશે. તે જ રીતે બીજી ઓગષ્ટ –સોમવારે સેવા સેતુ કાર્યક્રમોના આયોજન થકી "સંવેદના દિવસલ્લ્લ અંતર્ગત વિવિધ જનહિતકારી યોજનાઓના દસ્તાવેજો નાગરિકોને સરળતાથી મળી રહે તે પ્રકારના કાર્યક્રમો કરાશે. તા. ૪થી ઓગષ્ટે રાજ્યની મહિલાઓના સન્માન તથા ઉત્કર્ષના હેતુસર મહિલાઓ સાથે સંકળાયેલા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરી "નારી ગૌરવ દિવસલ્લ્લ નિમિત્તે મહિલાલક્ષી કાર્યક્રમો કરાશે. તા.૫ મી ઓગસ્ટે રાજય ભરમાં કિસાન સૂર્યોદય યોજના - સાત પગલા ખેડૂત કલ્યાણ યોજના અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજીને " કિસાન સન્માન દિવસ" ના કાર્યક્રમો કરાશે. રાજયના યુવાનોને રોજગારી પૂરી પાડવાના ઉદ્દેશ સાથે રોજગાર મેળાઓ સહિતના વિવિધ કાર્યક્રમો થકી તા.૦૬ ઓગસ્ટે " રોજગાર દિવસ" ના અંતર્ગત રોજગારીની તકો અંગેના કાર્યક્રમો યોજાશે. તા.૦૭મી ઓગસ્ટે " વિકાસ દિવસ" અંતર્ગત રાજ્યમાં ચાલી રહેલી અવિરત વિકાસની પ્રક્રિયાને વધુ તીવ્ર ગતિથી આગળ લઈ જવાશે. તા.૦૮મી ઓગસ્ટે "શહેરી જન સુખાકારી દિન" અંતર્ગત શહેરી જન સુખાકારીની વ્યવસ્થા વધુ સઘન બનાવાશે. તે જ રીતે તા.૦૯મી ઓગસ્ટે " વિશ્વ આદિવાસી દિવસ" નિમિત્તે રાજ્યના આદિવાસી વિસ્તારોમાં અનેક વિવિધ વિકાસલક્ષી કાર્યક્રમો કરવામાં આવશે. રાજ્યના મુખ્ય મંત્રીશ્રી, નાયબ મુખ્ય મંત્રીશ્રી સહિત રાજ્ય મંત્રીમંડળના સભ્યો, બોર્ડ – કોર્પોરેશનના ચેરમેનશ્રીઓ, સંસદ સભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ તથા સમાજના પ્રતિષ્ઠિત આગેવાનોને સાથે રાખીને આ કાર્યક્રમો નિશ્ચિત કરવામાં આવ્યા છે.

## તંત્રી સ્થાનેથી......

રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર તથા જિલ્લા રમતગમત પ્રવૃત્તિઓ, ગાંધીનગર તથા જિલ્લા રમતગમત અધિકારીશ્રીની કચેરીઓ દ્વારા સંયુકત રીતે ગાયન (સુગમ સંગીત, લગ્નગીત, શાસ્ત્રીય કંઠય સંગીત (હિન્દુસ્તાની), લોકગીત/ભજન સ્પર્ધા) નું આયોજન કર્યુ છે. જેમાં જુદા જુદા વયજૂથ પ્રમાણે કલાકારો ભાગ લઈ શકશે. જેમાં ૬ વર્ષથી ૧૪ વર્ષ સુધીના, ૧૫ વર્ષથી ૨૦ વર્ષ, ૨૧ વર્ષથી ૫૯ વર્ષ સુધીના તેમજ ૬૦ વર્ષથી ઉપરના ઓપન વયજૂથમાં ભાગ લઈ શકાશે. સ્પર્ધા માટે ફોર્મ ભરી અને સ્પર્ધાની વિડીયો કલીપની સીડી તૈયાર કરી તા.૧૮/૦૮/૨૦૨૧ ના રોજ બપોરે ૧૨-૦૦ કલાક સુધીમાં જિલ્લા યુવા વિકાસ અધિકારી/જિલ્લા રમતગમત અધિકારીશ્રીની કચેરી, સી બ્લોક, બીજા માળે, જિલ્લા સેવા સદન, જુનાથાણા, નવસારી ખાતે મોકલી આપવાનું રહેશે. જિલ્લાકક્ષાની સ્પર્ધામાં પ્રથમ વિજેતાને રૂ.૧૦૦૦/-, દ્વિતિય વિજેતાને રૂ.૭૫૦/- તેમજ તૃતિય ઈનામ વિજેતાને રૂ.૫૦૦/- ઈનામ આપવામાં આવશે. આ અંગે આ અંગે વધુ માહિતી માટે જિલ્લા યુવા વિકાસ અધિકારી, નવસારી ફોન નંબર (૦૨૬૩૭)૨૮૦૬૬૩ તેમજ મોબાઈલ ટુ સ્પોર્ટસ યોજના અંતર્ગત ફેસબુક પેજ https:www.facebook.com/mobile2 sports તેમજ યુ-ટયુબ ચેનલની લીંક https :www. youtube. com/ channel/ UCzsiROvtKensUaz-g ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

# ઈસ્કોન મંદિર અયોધ્યા દ્વારા ડો ગુલાબચંદ પટેલ ગીતા ડિપ્લોમા પરીક્ષા પાસ

કમલમ દૈનિક,

ઈસ્કોન મંદિર અયોધ્યા દ્વારા ઑન લાઈન ગીતા ડિપ્લોમા અભ્યાસ તારીખ ૨૧ જૂન ૨૦૨૧ ના રોજ ૧૮ દિવસ મા ૧૮ અધ્યાય નો કોર્સ શરૂ કરવામાં આવ્યો હતો. જેમાં હિન્દી ગુજરાતી કવિ લેખક અને અનુવાદક ડૉ. ગુલાબચંદ પટેલ જોડાયા હતા. આ કોર્સ ની પરીક્ષા ઑન લાઈન તારીખ ૭ જુલાઈ ૨૦૨૧ ના રોજ તેઓએ આપી હતી જેનું પરિણામ આજે અયોધ્યા ઈસ્કોન મંદિર ની વેબ સાઈટ પર જાહેર કરવામાં આવ્યું છે. ડૉ ગુલાબચંદ પટેલ ને આ પરીક્ષા માં ઉત્તીર્ણ જાહેર કરવામાં આવ્યા છે. ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા આ અગાઉ આઈ આઈ ટી ગાંધી નગર દ્વારા ફ્રેંચ ભાષા ની તાલીમ લઈ પરીક્ષા પાસ કરી હતી. શ્રી પટેલ ગાંધી નગર નું ગૌરવ છે. તેઓ મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધી નગર ના પ્રમુખ છે તથા ઈંડિયન લાયન્સ ગાંધી નગર સ્વર્ણિમ કલબ માં ઉપ પ્રમુખ ના હોદ્દા પર સામાજિક સેવાઓ આપી છે. તેઓને સામાજિક કાર્યકર તરીકે ૧ ૦૦ થી વધુ સમ્માન રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રદાન કરવામાં આવ્યા છે. તથા સાહિત્ય માટે ૩૦૦ થી વધુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સન્માન પ્રાપ્ત થયા છે. તેઓને પ્રસિધ્ધ સાહિત્યકાર શ્રી રાજકુમાર જૈન રાજન અકોલા તથા ગોઢનિયા કૉલેજ પોરબંદર ના પ્રિન્સિપાલ ડૉ ઈશ્વર ભાઈ ભરડા સાહેબ દ્વારા ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા છે.



# શહેર મહિલા મોરચા ધ્વારા ગૌરીવ્રત નિમિત્તે વિવિધ કાર્યક્રમોની ઉજવણી

કમલમ દૈનિક,

વડોદરા શહેર મહિલા મોરચા ધ્વારા ગૌરીવ્રત નિમિત્તે વોર્ડ-૩માં વેમાલી પ્રાથમિક શાળામાં ગૌરીવ્રત કરતી બાળાઓને ૨૦૦ જેટલા ફૂડપેકેટસ અને ૨૦૦ જેટલા સેનેટરી નેપકીનનું વિતરણ કરવામાં આવ્યું હતું. સદર કાર્યક્રમમાં પ્રદેશ મહિલા મોરચાના મંત્રી અને વડોદરા મહિલા મોરચાના પ્રભારી શ્રીમતી નીપાબેન પટેલ, પ્રદેશ મહિલા મોરચાના ઉપાધ્યક્ષ શ્રીમતી કામિનીબેન સોની, શહેર ડેપ્યુટી મેયર શ્રીમતી નંદાબેન જોશી, શહેર મહિલા મોરચાના પ્રમુખ શ્રીમતી કલ્પનાબેન પટેલ, શહેર મહિલા મોરચાના મહામંત્રી શ્રીમતી ગાર્ગીબેન દવે, શુભાંગીનીબેન જગતાપ અને મહિલા મોરચાના વિવિધ હોદ્દેદાર બહેનોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. ત્યારબાદ વડોદરા મહિલા મોરચાના પ્રભારી નીપાબેન પટેલ ધ્વારા શહેર ભાજપ કાર્યાલય મનુભાઈ ટાવર ખાતે મહિલા મોરચાની હોદ્દેદારો તથા કાઉન્સિલર બહેનો સાથે પરિચય બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તેમને હાજર બહેનોને મહિલા મોરચાની વિવિધ પ્રવૃતિઓ અંગે યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું. ઉપરોક્ત કાર્યક્રમમાં શહેર અધ્યક્ષ ડો.વિજયભાઈ શાહ ધ્વારા વડોદરા મહિલા મોરચાના પ્રભારી શ્રીમતી નીપાબેન પટેલનું મોમેન્ટો આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. સદર કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિતિ તરીકે રાષ્ટ્રીય મહિલા મોરચાના ઉપાધ્યક્ષ શ્રીમતી જ્યોતિબેન પંડ્યા, શહેર મહામંત્રીશ્રી જશવંતસિંહ સોલંકી અને પ્રદેશ મહિલા મોરચાના ઉપાધ્યક્ષ શ્રીમતી કામિનીબેન સોની હાજર રહ્યા હતા. આ બેઠક પછી લક્ષ્મી વિલાસ પેલેસ ખાતે શહેર અધ્યક્ષ વિજયભાઈ શાહ અને શ્રીમતી નીતાબેન પટેલ સાથે શહેર મહિલા મોરચાના હોદેદારો બહેનોએ રાજમાતા શુભાંગીનીબેન ગાયકવાડ સાથે શુભેચ્છા મુલાકાત લીધી હતી.

# હર સોસાયટી સિંદુરી" અંતર્ગત શહેર યુવા મોરચા ધ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ

કમલમ દૈનિક,



વડોદરા શહેર ભાજપા યુવા મોરચાના ઉપાધ્યક્ષ વૈભવભાઈ શેલાર ધ્વારા વોર્ડ ૧૩ ખાતે "હર સોસાયટી સિંદુરી" અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન થયું હતું. તેમાં આધ્યાત્મિક અને ઔષધીય વૃક્ષો રોપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં શહેર ભાજપ અધ્યક્ષ ડો.વિજયભાઈ શાહ, શહેર મહામંત્રીશ્રી સુનીલભાઈ સોલંકી, શ્રી જશવંતસિંહ સોલંકી, શ્રી રાકેશભાઈ સેવક, પ્રદેશ યુવા મોરચાના મહામંત્રીશ્રી કૌશલભાઈ દવે, છોટાઉદેપુરના સહપ્રભારી ડો.જીગીષાબેન શેઠ, શહેર યુવા મોરચાના પ્રમુખ પાર્થભાઈ પુરોહિત, યુવા મોરચાના મહામંત્રીશ્રીઓ મૌલિકભાઈ દેસાઈ, અક્ષયભાઈ પટેલ, હોદેદારો તેમજ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જગત મંદિર દ્વારકા ખાતે ધ્વજારોહણ કરી ભગવાન દ્વારકાધીશની પૂજા-અર્ચના કરી

કમલમ દૈનિક, જામનગર

ગુરૂવારે સવારે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જગત મંદિર દ્વારકા ખાતે ભગવાન દ્વારકાધીશના દર્શન તથા પૂજા અર્ચના કરી મંદિર ખાતે નવીન ધ્વજારોહણ કર્યું હતું. જગતમંદિરના પરિસરમાં મુખ?યમંત્રીશ્રીને દ્વારકાધિશ મંદિર ટ્રસ?ટ વતી શ્રી મુરલીભાઈ, મહેશભાઈ, શંભુભાઈ, કમલેશભાઈ, ખાખરીયાભાઈ, જયેશભાઈ, અભયભાઈ વગેરેએ આવકાર્યા હતા. તેમજ શારદાપીઠ ખાતે પુજારીશ્રી અશ્વિનગુરૂ પુરોહિતે મુખ?યમંત્રીશ્રીને ધ?વજાજીની પુજા વિધિ કરાવી હતી. જયારે શંકરાચાર્યજીના પ્રતિનિધિ તરીકે નારાયણ બ્રહ્મચારીજી મહારાજે મુખ?યમંત્રીશ્રીને આશીર્વચન આપ?યા હતા. ત?યાર બાદ જગતમંદિર ખાતે મહંતશ્રી શાંતીલાલે મુખ?યમંત્રીશ્રીને પુજન-અર્ચન કરાવ?યું હતું. ધ?વજારોહણ બાદ મુખ?યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ?યું હતું કે, થોડા દિવસ પહેલા ધ?વજા પર વિજળી પડી ત?યારેજ ભગવાન દ્વારકાધિશજીને નવીન ધ?વજા





ચડાવવાનો સંકલ?પ કર્યો હતો. ભગવાન દ્વારકાધીશના આશીર્વાદથી ગુજરાત કોરોનામુકત બને, ભગવાન ખુબ સારો વરસાદ આપે અને આવનારા દિવસોમાં ગુજરાત ખુબ સુખી સંપન્ન બને તેવી પ્રાર્થના કરી છે.

મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણીએ પ્રસિધ્ધ યાત્રાધામ દ્વારકા ખાતે અંજલિબહેન રૂપાણી સાથે ભગવાન દ્વારકાધીશના દર્શન અને

## ભગવાન દ્વારકાધીશને ગુજરાત કોરોનામુકત બને, ખુબ સારો વરસાદ થાય અને આવનારા દિવસોમાં ગુજરાત ખુબ સુખી સંપન્ના બને તેવી પ્રાર્થના કરતા મુખ્યમંત્રીશ્રી

ભક્તિભાવપૂર્વક પૂજા-અર્ચના કરી હતી . કોરોનાની બીજી લહેર પર નિયંત્રણ મેળવ્યા બાદ વધુ જનહિતના કામો કરવાની પ્રભુ શકિત આપે તેમજ ગુજરાત સતત વિકાસના રાહે આગળ વધતું રહે અને ઉત્તમથી સર્વોત્તમ બને તે માટે ભગવાન દ્વારકાધીશના કૃપા આશિષ વરસતા રહે તેવી મુખ?યમંત્રીશ્રીએ અભ?યર્થના વ?યકત કરી હતી. જગતમંદિર ખાતે પુજા વિધિમાં મુખ?યમંત્રીશ્રી સાથે પ્રવાસન મંત્રીશ્રી જવાહરભાઈ ચાવડા, મ?યુનિસીપલ ફાઈનાન?સ બોર્ડના ચેરમેનશ્રી ધનસુખભાઈ ભંડેરી, ભાજપ અગ્રણીશ્રી નિતિનભાઈ ભારદ્વાજ, યાત્રાધામ વિકાસ બોર્ડના ડાયરેકટરશ્રી રમેશભાઈ હેરમા, દ્વારકા નગરપાલિકા પ્રમુખ શ્રીમતિ જયોતિબેન સામાણી, જિલ?લા કલેકટરશ્રી એમ.એ. પંડયા, આઈ.જી. શ્રી સંદિપસીંઘ, જિલ?લા વિકાસ અધિકારીશ્રી ડી.જે. જાડેજા, જિલ?લા પોલીસ અધિક્ષકશ્રી સુનિલ જોશી, પ્રાંત અધિકારીશ્રી નિહાર ભેટારીયા સહિતના ઉપસ?થિત રહ્યા હતા.

# વર્ષાઋતુ દરમિયાન શું કાળજી રાખવી અને શું કરવું-ના કરવું તે અંગે આયુષ નિયામકશ્રીનું માર્ગદર્શન

## કોઈપણ ઋતુના સંધિકાળમાં રોગ પ્રતિકારક ક્ષમતા ઘટી જાય છે આ સમયે બિમાર થવાની શકયતાઓ વધી જાય છે

કમલમ દૈનિક,

કોઈપણ ઋતુના સંધિકાળમાં રોગ પ્રતિકારક ક્ષમતા ઘટી જાય છે આ સમયે બિમાર થવાની શક્યતાઓ પણ વધી જાય છે ત્યારે ખાસ કરીને વર્ષાઋતુ દરમિયાન શું કાળજી રાખવી જોઈએ અને શું કરવું-શું ના કરવું એ સંદર્ભે આયુષ નિયામકશ્રી દ્વારા માર્ગદર્શિકા જાહેર કરાઈ છે જેને અનુસરી રોગમુકત રહેવા સૌને અનુરોધ પણ કરાયો છે. આયુષ નિયામકશ્રીની કચેરી દ્વારા જણાવ્યાયનુસાર ભારતીય સંસ્કૃતિ મુજબ ચાતુર્માસની શરૂઆત થઈ ગઈ છે, એટલે કે સામાન્ય ભાષામાં ચોમાસાની ઋતુની શરૂઆત થઈ છે. વરસાદની આ ઋતુમાં વાતાવરણ મનમોહક હોય છે પણ આજ સમય હોય છે કે જેમાં નાની મોટી બિમારીના લીધે દવાખાના ઉભરાતા હોય છે, જેનું સાચું કારણ વર્ષાઋતુમાં શું શું કરવું તેની યોગ્ય જાણકારીનો અભાવ હોય છે. ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળની આયુષ કચેરી દ્વારા વર્ષાઋતુમાં શું ખાવું? શું ન ખાવું એ માટે જાણકારી આપતમં જણાવાયું છે કે, આ ઋતુમાં પાચન શક્તિ નબળી પડે છે. વાદળો અને ભેજને કારણે શરીરમાં અસંતુલન થાય છે, જેના લીધે રોગ પ્રતિકારક શકિતમાં ઘટાડો થાય છે, સામાન્ય રીતે આપણે ખોરાકમાં કાયમ લેતાં હોઈએ તે ખોરાક આ ઋતુમાં પણ લઈએ છીએ, પરંતુ વર્ષાઋતુમાં પાચનશક્તિ નબળી હોવાના લીધે ખોરાકને બરાબર પચાવી ના શકવાને કારણે વિવિધ નાની- મોટી બિમારી અને સમસ્યાઓ ઊભી થાય છે. એટલે જ મોટાભાગના ધાર્મિક તહેવારો-ઉપવાસ- નિયમો આ ચાર મહીનામાં જ આવે છે, અને ઉપવાસ અને અન્ય નિયમોના લીધે આપણે સંસ્કૃતિના પાલનની સાથે સાથે આપણી તંદુરસ્તીની પણ જાળવણી કરી લઈએ છીએ અત્યારે આમ તો ચોમાસાની શરૂઆત હોવાથી આ સમય ઋતુસંધિકાળ ગણાય એટલે કોઈપણ ઋતુ સંધિકાળમાં રોગ પ્રતિકારક ક્ષમતા ઘટી જાય છે. અને આ સમયે બિમાર થવાની શક્યતાઓ વધી જાય છે તો આ સમયે શું કરવું ??? ચોમાસામાં તંદુરસ્ત રહેવા માટે બહારનો ખોરાક, મેંદા વાળો ખોરાક જેમ કે પિત્ઝા, પાંઉભાજી, દાબેલી વગેરે અને વાસી ખોરાક ન ખાવાં. જયારે પાણી ઉકાળીને પીવું. હળદર એ એન્ટિ-ઈન્ફલેમેટરી ગુણધર્મ ધરાવે છે એટલે આયુષ મંત્રાલય, ભારત સરકારની કોરોનાની ગાઈડલાઈન મુજબ એક ચમચી હળદર રોજ રાત્રે ગરમ દૂધ સાથે લેવી અથવા હળદરવાળું દુધ પીવું જયારે તુલસીનાં ૧૦-૧૨ પાંદડાં અને ચપટી સૂંઠ સાથેનો ઉકાળો પીવો. સાકર, સંચળ, મરી નાંખીને બનાવેલ તાજા લીબુંનું શરબત રોજ પી શકાય કારણ કે લીબુંથી પાચનશકિતમાં વધારો થશે અને લીંબુમાં વિટામિન સી હોવાથી તે આપણી રોગપ્રતિકારક શક્તિને જાળવી રાખવામાં મદદ કરે છે. આ અંગે વધુ માહિતી માટે ગુજરાત સરકારની આયુષની website https://ayush.gujarat.gov.in/ પર મુલાકાત લઈને રોગમુકત રહેવા અપીલ કરવામાં આવી છે.

# ગળતેશ્વર તાલુકાના ખેડુતોને તાઉતે વાવાઝોડામા થયેલ નુકશાનનુ વળતર ચુકવવા બાબતે મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું



રીપોર્ટ -રાકેશ મકવાણા -ખેડા

કમલમ દૈનિક,

ખેડા જિલ્લાના ગળતેશ્વર તાલુકાના ખેડુતોને તાઉતે વાવાઝોડામા થયેલ નુકશાની વળતર ચુકવવાની માંગ સાથે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના ગળતેશ્વર તાલુકા પ્રમુખ હિતેશસિંહ દ્વારા આવેદનપત્ર આપી રજુઆત કરવામાં આવી હતી કે થોડા સમય પહેલા ગુજરાતના દરિયામાંથી તાઉતે વાવાઝોડુ ત્રાટકયુ હતુ જે ખુબ જ ભયંકર હતુ

જેનાથી ગુજરાત રાજયના બધા વિસ્તારમા ખુબ મોટા પ્રમાણમા નુકશાન થયેલ હતુ જેમા ખાસ કરીને ખેડુતોને ઉભા પાકને સંપૂર્ણપણે નુકશાન થયુ હતુ અને મધ્યમ અને ગરીબ વર્ગના લોકોના છાપરા તથા ઘણા મકાનો પડી ગયા હતા ત્યારે ગુજરાત રાજય સરકારશ્રી ધ્વારા ખેડુતો અને ગરીબોને તેનુ વળતર ચુકવવામા આવશે તેની જાહેરાત કરી હતી જેનાથી ખેડુતોને હાશકારો મળ્યો હતો

સરકાર ધ્વારા સર્વે કરીને તમામ ખેડુતોને વાવાઝોડામા થયેલા નુકશાનનુ વળતર ચુકવવાની વાત કરી હતી ત્યારે વાવાઝોડાના કારણે ગળતેશ્વર તાલુકાના તમામ ગામોમા બાજરી, તલ જેવા તમામ પાકોને ખુબ મોટા પ્રમાણમા નુકશાન થયુ હતુ પાક એટલો બગડી ગયો હતો કે જેમાંથી તેમને ખર્ચ પણ મળેલ નથી ત્યારે સરકારશ્રીનો સર્વે વહેલી તકે થાય અને ખેડુતોને તેમના પાકનુ નુકશાની વળતર મળે એવી તાલુકાના તમામ ગામોના ખેડુતોના પાક નુકશાનીનો સર્વે નહિ કરવામા આવે તેવી માંગ કરવામાં આવી હતી અને ગળતેશ્વર તાલુકાના ખેડુતોને વળતરમાંથી બાકાત રાખવામા આવશે તો આગામી સમયમા ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરવામા આવશે તેવી ચીમકી પણ આપવામાં આવી છે.

## ફળાઉ વૃક્ષોના વાવેતરથી પુરક રોજગારી મેળવવાનો મહાનુભાવોનો અનુરોધ

# ડાંગ જિલ્લાના આદિજાતિ પરિવારોને ફળાઉ રોપાઓનુ વિતરણ કરતા આદિજાતિ અને વન રાજ્ય મંત્રીશ્રી રમણલાલ પાટકર



રીપોર્ટ -અમરનાથ જગતાપ-ડાંગ







કમલમ દૈનિક, આહવા

ડાંગ જિલ્લાના છેવાડાના ખેડૂતો તેમની ખેતી અને પશુપાલનની સાથે સાથે તેમના ખેતર કે વાળામા ફળાઉ ઝાડના વૃક્ષોનુ વાવેતર કરીને, આજીવિકા વૃદ્ધિ કરી શકે તે માટે રાજ્ય સરકારના આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ડાંગ જિલ્લાના ૧૬૫૨ જેટલા આદિજાતિના લાભાર્થીઓ ફળાઉ રોપાઓનુ વિતરણ કરવામા આવી રહ્યુ છે, તેમ આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી શ્રી રમણલાલ પાટકરે જણાવ્યુ હતુ. તાજેતરમા ડાંગ જિલ્લાની મુલાકાતે પધારેલા રાજ્ય આદિજાતિ અને વન મંત્રી શ્રી રમણલાલ પાટકરે ડાંગ જિલ્લાના વઘઈ તાલુકાના સાકરપાતળ, અને સુબીર તાલુકાના મુખ્ય મથકે ફળાઉ રોપાઓનુ વિતરણ કરતા ડાંગ જિલ્લા ઉપરાંત ગુજરાતના અન્ય જિલ્લાઓમા પણ આ યોજના અંતર્ગત ફળાઉ વૃક્ષોનુ મોટાપાયે વિતરણ કરવામા આવી રહ્યુ છે તેમ ઉમેર્યુ હતુ. કોરોના સામેના અમોઘ શસ્ત્ર એવા રસીકરણ કાર્યક્રમમા જોડાઈને સૌને ફરજીયાતપણે વેક્સિન લેવાનો અનુરોધ પણ મંત્રીશ્રીએ આ વેળા કર્યો હતો.

મંત્રીશ્રી સાથે સાકરપાતળના કાર્યક્રમમા ઉપસ્થિત ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી મંગળભાઈ ગાવિતે ડાંગ જિલ્લામા વાડી યોજના સહિતની વિવિધ આજીવિકા વૃદ્ધિની યોજનાઓના લાભો થકી આદિજાતિ પરિવારો પુરક રોજગારી મેળવી શકે છે, તેમ જણાવી છેવાડાના માનવીઓ માટે ચિંતિતિ રાજ્ય સરકારની વિવિધ વિકાસ યોજનાઓનો લાભ લેવા સૌને અનુરોધ કર્યો હતો. આદિજાતિ સમાજ માટે ગર્ભાધાનથી લઈને મૃત્યુપર્યંતની વિવિધ યોજનાઓ અમલી બનાવીને સંવેદનશીલ રાજ્ય અને કેન્દ્ર સરકાર આદિવાસી સમાજના ઉત્થાન માટે કાર્ય કરી રહી છે. ત્યારે વિનામૂલ્યે આપતા ફળાઉ રોપાઓનો સુપેરે ઉછેર કરીને પુરક આવક મેળવવાની હિમાયત કરતા ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે વિવિધ યોજનાકીય લાભો મેળવીને સૌને વિકાસ સાધવા અનુરોધ કર્યો હતો. શ્રી પટેલે કોરોનાની સંભવિત ત્રીજી લહેર સામે પ્રજાજનોને સુરક્ષિત થવા માટે સત્વરે વેક્સીન લેવાની પણ અપીલ કરી હતી.

ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગની ન્યુ ગુજરાત પેટર્ન યોજનાના મેમ્બર શ્રી દશરથભાઈ પવારે ફળાઉ રોપાઓના જતન સંવર્ધન થકી ભાવી પેઢી માટે આવકનો સ્ત્રોત ઉભો કરવાનો અનુરોધ કરતા, કોરોના મહામારી સામે સુરક્ષિત રહેવા માટે ફરજીયાતપણે સૌ પ્રજાજનો વેક્સીન લે તેવી અપીલ પણ કરી હતી.

રોજગારીના સીમિત સાધનો વચ્ચે માંડ ખેતી અને પશુપાલન ઉપર જ નિર્ભર રહેતા ડાંગના પ્રજાજનો માટે ફળાઉ વૃક્ષો ભવિષ્યમા આવકના સ્ત્રોત બની રહેશે, તેમ જણાવતા ડાંગ કલેકટર શ્રી ભાવિન પંડ્યાએ અર્થ ઉપાર્જન કરતા ફળાઉ વૃક્ષોના જતન અને સંવર્ધન ઉપર પણ ભાર મુક્યો હતો. આદિજાતિના પરિવારો માટે રાજ્ય સરકારના આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા વાડી યોજના સહીત શાકભાજીની ખેતી ઉપરાંત અનેકવિધ યોજનાઓ અમલી બનાવીને આદિવાસી પરિવારોના વિકાસની તક ઉપલબ્ધ કરી છે, તેમ જણાવતા પ્રાયોજના વહીવટદાર શ્રી કે.જિ.ભગોરાએ વૃક્ષ ઉછેર સાથે આજીવિકા વૃદ્ધી સહીત વન પર્યાવરણનુ જતન કરવાની પણ હિમાયત કરી હતી. ડાંગ જિલ્લાના સાકરપાતળની પ્રાથમિક શાળા, અને સુબીરની ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે યોજાયેલા મંત્રીશ્રીના આ કાર્યક્રમમા ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડી.એન.ચૌધરી, સબ ડીએફઓ શ્રી રોહિત ચૌધરી, સામાજિક કાર્યકરો સર્વશ્રી કિશોરભાઈ ગાવિત, રાજેશભાઈ ગામીત સહીત અગ્રણી કાર્યકરો, નિવાસી અધિક કલેકટર શ્રી પદ્મરાજ ગામીત, વઘઈ મામલતદાર શ્રી વસાવા સહીતના પ્રસાશનિક અધિકારીઓ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ટોક્યો ઓલિમ્પિક્સનો પ્રારંભ, કોવિડ-૧૯ના કારણે ઉદ્‌ઘાટન સમારંભ નાનો કરાયો

## આખા ભારતમાં ઓલિમ્પિક્સનો જુસ્સો પૂરજોશમાં ફેલાયો

કમલમ દૈનિક,

કેટલાય સમયથી જેની પ્રતિક્ષા થઈ રહી હતી તેવા ટોક્યો ઓલિમ્પિક્સ ૨૦૨૦ રમતોત્સવનો આવતીકાલે ભારતીય સમયાનુસર સાંજે ૪:૩૦ કલાકે યોજાનારા ઉદ્‌ઘાટન સમારંભ સાથે પ્રારંભ થઈ રહ્યો છે. જોકે, આ કાર્યક્રમ જાપાનની રાજધાનીમાં નવનિર્મિત રાષ્ટ્રીય સ્ટેડિયમમાં યોજવામાં આવશે અને કોવિડ-૧૯ મહામારીને ધ્યાનમાં રાખીને ઉદ્‌ઘાટન કાર્યક્રમ નાનો તેમજ સાદાઈપૂર્વક યોજવામાં આવશે. જાપાને જાહેરાત કરી છે કે, ખેલાડીઓ ખાલી સ્થળોએ સ્પર્ધાઓમાં ભાગ લેશે જેથી મહામારીના કારણે તેમના આરોગ્ય સંબંધિત કોઈપણ જોખમો ઓછા કરી શકાય. દરેક દેશમાંથી માત્ર છ અધિકારીઓને આ કાર્યક્રમમાં ભાગ લેવાની મંજૂરી આપવામાં આવી છે. જોકે, એથલેટ્સ માટે સંખ્યાની કોઈ મર્યાદા નક્કી કરવામાં આવી નથી. પરંતુ, રમતના ચાહકોને આ વખતે પરેડમાં ભાગ લઈ રહેલી ટીમો ઘણી નાની જોવા મળશે. માર્ચ પાસ્ટ એટલે કે સમારંભની પરેડમાં જાપાની આલ્ફાબેટ અનુસાર ભારત ૨૧મા ક્રમે છે. આ વખતે ભારતે અત્યાર સુધીમાં સૌથી મોટી ઓલિમ્પિક્સના સ્પર્ધકોની ટીમ મોકલી છે. આ વખતના ખેલાડીઓના દળમાં કુલ ૨૨૮ સભ્યો છે અને ૨૨ રાજ્યોમાંથી કુલ ૧૨૭ એથલેટ્સ અલગ અલગ ૧૮ રમતો જેમકે, તીરંદાજી, એથલેટિક્સ, બોક્સિંગ, બેડમિંટન, ઘોડેસવારી, ફેન્સિંગ, ગોલ્ફ, જિમ્નાસ્ટિક્સ, હોકી, જુડો, રોવીંગ, શૂટિંગ, સેઈલિંગ, સ્વિમિંગ, ટેબલ ટેનિસ, ટેનિસ, વેઈટલિફ્ટિંગ, કુસ્તીમાં ભાગ લઈ રહ્યાં છે. પ્રતિનિધિમંડળમાં ૬૮ પુરુષો અને ૫૨ મહિલા એથલેટ્સ છે અને ૫૮ ટીમ અધિકારીઓ, ૪૩ વૈકલ્પિક એથલેટ્સ અને ૮ પ્રાસંગિક સ્ટાફના અન્ય અધિકારીઓ તેમજ કોચ, ટીમના અધિકારીઓ અને અન્ય સભ્યો સામેલ છે. ટોક્યો ઓલિમ્પિક્સ માં ભારતીય એથલેટ્સ ૮૫ ચંદ્રકો માટે સ્પર્ધામાં ઉતરશે. ભારતમાં ઓલિમ્પિક્સનો જુસ્સો પૂરજોશમાં વધ્યો સમગ્ર ભારતમાં રમતના ચાહકોમાં ઓલિમ્પિક્સનો જુસ્સો પૂરજોશમાં વધ્યો છે અને દેશના તમામ ખૂણાના ચાહકો ભારતીય એથલેટ્સનો જુસ્સો વધારી રહ્યાં છે તેમજ તેમને સમર્થન આપવા માટે વિવિધ સંદેશાઓ શેર કરી રહ્યાં છે. કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી શ્રી અનુરાગ ઠાકુરે લોકોને તેમના મિત્રો અને પરિવારજનો સાથે વીડિયો બનાવીને સોશિયલ મીડિયા પર **#HumaraVictoryPunch** હૅશટેગ સાથે શેર કરીને ભારતનું પ્રતિનિધિત્વ કરી રહેલા આપણા એથલેટ્સને સમર્થન આપવા માટે અનુરોધ કર્યો હતો. શ્રી ઠાકુરે એક ટ્વીટમાં જણાવ્યુંહતુંકે,ભારતનીઓલિમ્પિક્સની ટીમને સમર્થન આપવા માટે નાગરિકો વીડિયો બનાવી શકે છે અને પાંચ લોકોને તેમાં ટેગ કરી શકે છે તેમજ તેમના વીડિયો શેર કરવા માટે પણ તેમને આમંત્રણ આપી શકે છે. તેમણે **#Cheer4India** ને એક જન આંદોલન બનાવવાનો પણ લોકોને અનુરોધ કર્યો હતો. મંત્રીશ્રીએ તેમના ટ્વીટર હેન્ડલ પર એક વીડિયો પોસ્ટ કર્યો હતો અને પાંચ લોકોને તેમાં ટેગ કર્યા હતા. તેમણે કાયદા અને ન્યાય મંત્રી કિરેન રિજીજુ, ક્રિકેટર વિરેન્દ્ર સહેવાગ, અભિનેતા અક્ષય કુમાર, બેડમિંટન ખેલાડી સાનિયા નહેવાલ અને પેટીએમના સ્થાપક વિજય શંકર શર્માને નામાંકિત કર્યા હતા. દૂરદર્શન અને ઓલ ઈન્ડિયા રેડિયો પર ઓલિમ્પિક્સનું કવરેજ ટોક્યોમાં શરૂ થઈ રહેલા વિશ્વના સૌથી મોટા રમતોત્સવનું મેગા કવરેજ પ્રસાર ભારતી દ્વારા તેમના દૂરદર્શન અને ઓલ ઈન્ડિયા રેડિયોના ટ્વીન નેટવર્ક દ્વારા કરવામાં આવશે અને સમર્પિત સ્પોર્ટ્સ ચેનલ **DD** સ્પોર્ટ્સ પર તેનું કવરેજ આપવામાં આવશે. ઓલિમ્પિક્સ પહેલાંથી લઈને ત્યારપછી સુધીના તમામ સમય સુધી આ કવરેજને વિસ્તારવામાં આવ્યું છે અને સમગ્ર દેશમાં પ્રસાર ભારતીના ટીવી, રેડિયો અને ડિજિટલ પ્લેટફોર્મ પર તે ઉપલબ્ધ રહેશે. 'ચીઅર ફોર ઈન્ડિયા' અભિયાનમાં યોગદાન આપવા માટે, ટોક્યો ઓલિમ્પિક્સ ૨૦૨૦ના પૂર્વવર્તી કાર્યક્રમ તરીકે **DD** સ્પોર્ટ્સ ૪ કલાકથી વધારે લાંબો ચર્ચા આધારિત શો પ્રોડ્યૂસ કરશે જેમાં રમતજગતની હસ્તીઓ સામેલ રહેશે. આ વિશેષ શોનું ૨૨ અને ૨૩ જુલાઈ, ૨૦૨૧ના રોજ સવારે ૧૧.૦૦ થી બપોરે ૧.૦૦ વાગ્યા સુધી **DD** સ્પોર્ટ્સ પર જીવંત પ્રસારણ કરવામાં આવશે. દરરોજ, અલગ અલગ થીમ પર આધારિત બે જુદા જુદા સત્રો યોજવામાં આવશે. ૨૨ જુલાઈના બે શોનું દ્રઢ સ્પોર્ટ્સ પર એજ દિવસે સાંજે ૭.૦૦ થી ૯.૦૦ સુધી અને બીજા દિવસ એટલે કે ૨૩ જુલાઈના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ વાગ્યા સુધી પુન:પ્રસારણ કરવામાં આવશે.



## ભવ્યાતિભવ્ય લક્ષચંડી મહાયજ્ઞના સફળતાપુર્વકના આયોજન



રિપોર્ટ-ડેવિડ પટેલ- મહેસાણા

કમલમ દૈનિક,


દેવાધીદેવ પ્રભુ શિવજીના અર્ધાંગીની મા કુળદેવી ઉમિયા માતાજી પ્રત્યે કડવા પાટીદારો સહિત તમામ જ્ઞાતીના શ્રધ્ધાળુઓમાં અતુટ શ્રધ્ધા અને આસ્થા વધી રહી છે.ભવ્યાતિભવ્ય લક્ષચંડી મહાયજ્ઞના સફળતાપુર્વકના આયોજનના કારણે કડવા અને લેઉવા પાટીદારોમાં મા ઉમા ખોડલ પ્રત્યેની આસ્થા શ્રધ્ધા વધારે દ્રઢ બની છે.ઉંઝા ખાતેના મા કુળદેવી ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા પાટીદાર સમાજના ઉત્કર્ષ માટે અને વિવિધ સંકલ્પો પુર્ણ કરવા માટે વિઝન ૨૦૩૦ યોજના અમલમાં મુકવામાં આવી છે.મા કુળદેવી ઉમિયા માતાજીના પ્રાગટ્ય સ્થાન અને કરોડો પાટીદારો માટે તિર્થસ્થાન ગણાતા મા ઉમિયા માતાજી સંસ્થાન ખાતે મહેસાણા અને ગાંધીનગર જીલ્લાના ઉમિયા પરિવાર સંગઠન સમિતિની બેઠક બોલાવવામાં આવી હતી.સંસ્થાના પ્રમુખ મણિદાદા,મહામંત્રી દિલિપ નેતાજી અને ફોટો મંદિર યોજનાના ચેરમેન ગોવિંદભાઈ વરમોરા સહિતના અગ્રણીઓની ઉપસ્થિતિમાં મળેવી મિટિંગમાં વિઝન ૨૦૩૦ અંતર્ગત ઉમિયા માતાજીના ૧૦૦૧ શિખરબધ્ધ મંદિર નિર્માણ કરવાનો સંકલ્પ લેવામાં આવ્યો હતો. આ ઉપરાંત નવીન પોટો મંદિરના ફોર્મ ભરવામાં આવ્યા હતા.અંબાજી,બહુચરાજી અને સોલા ઉમિયા કેમ્પસ ખાતે નવનિર્માણ થઈ રહેલા ભવ્ય ભવનો અંગે ચર્ચા કરવામાં આવી હતી.મા ઉમિયા માતાજી સંસ્થાન ઉંઝા ખાતે કાર્યરત વિવિધ યોજનાઓનો વધારેમાં વધારે લોકો લાભ કેવી રીતે લે,અને વિકાસના કાર્યોમાં વધારે માં વધારે પાટીદાર સમાજના લોકો કેવી રીતે સક્રિય બની રહે .તે અંગે ચર્ચા કરાઈ હતી.સંસ્થાની બાવી યોજનાઓ અને શિખર મંદિરના નિર્માણ અંગે કટિબધ્ધતા વ્યક્ત કરાઈ હતી.

# કેન્દ્રીય મંત્રીમંડળે સ્પેશિયાલ્ટી સ્ટીલ માટે ઉત્પાદન સાથે સંબંધિત પ્રોત્સાહન (પીએલઆઈ) યોજનાને મંજૂરી આપી

### આગામી પાંચ વર્ષમાં સ્પેશિયાલ્ટી સ્ટીલના ઉત્પાદન માટે રૂ. ૬,૩૨૨ કરોડની પ્રોત્સાહન રકમ આપવામાં આવશે

કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે વિશેષ સ્ટીલ (સ્પેશિયાલ્ટી સ્ટીલ)ના ઉત્પાદન સાથે સંબંધિત પ્રોત્સાહન (પીએલઆઈ) યોજનાને મંજૂરી આપી છે. આ યોજનાનો ગાળો વર્ષ ૨૦૨૩-૨૪થી વર્ષ ૨૦૨૭-૨૮ સુધી પાંચ વર્ષનો હશે. રૂ. ૬૩૨૨ કરોડ રૂપિયાના અંદાજપત્રીય ખર્ચ સાથે આ યોજનાને આશરે રૂ. ૪૦,૦૦૦ કરોડનું રોકાણ થવાની અને સ્પેશિયાલ્ટી સ્ટીલની ઉત્પાદનક્ષમતા ૨૫ મિલિયન ટન વધવાની અપેક્ષા છે. આ યોજનાથી આશરે ૫,૨૫,૦૦૦ લોકોને રોજગારી મળશે, જેમાં ૬૮,૦૦૦ લોકોને પ્રત્યક્ષ રોજગારી મળશે. સ્પેશિયાલ્ટી સ્ટીલને લક્ષિત સેગમેન્ટ સ્વરૂપે પસંદ કરવામાં આવ્યું છે, કારણ કે વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૦૨ મિલિયન ટન સ્ટીલના ઉત્પાદનમાંથી દેશમાં મૂલ્ય સંવર્ધિત સ્ટીલ/ સ્પેશિયાલ્ટી સ્ટીલના ફક્ત ૧૮ મિલિયન ટનનું ઉત્પાદન થયું હતું. આ ઉપરાંત એ જ વર્ષે ૬.૭ મિલિયન ટન આયાતમાંથી લગભગ ૪ મિલિયન ટનની આયાત સ્પેશિયાલ્ટી સ્ટીલની થઈ હતી, જેના પરિણામે આશરે રૂ. ૩૦,૦૦૦ કરોડ રૂપિયાની વિદેશી મુદ્રાનો ખર્ચ થયો હતો. સ્પેશિયાલ્ટી સ્ટીલના ઉત્પાદનમાં આત્મનિર્ભર બનીને ભારત સ્ટીલની મૂલ્ય સાંકળમાં એનો હિસ્સો વધારશે તથા કોરિયા અને જાપાન જેવા સ્ટીલના ટોચના ઉત્પાદક દેશોની હરોળમાં આવશે. વર્ષ ૨૦૨૬-૨૭ના અંત સુધીમાં સ્પેશિયાલ્ટી સ્ટીલનું ઉત્પાદન ૪૨ મિલિયન ટન થઈ જશે એવી આશા છે. એનાથી એ સુનિશ્ચિત થશે કે લગભગ રૂ. ૨.૫ લાખ કરોડના મૂલ્યનાં સ્પેશિયાલ્ટી સ્ટીલનું ઉત્પાદન અને એનો વપરાશમાં ભારતમાં થશે, જેની અન્યથા આયાત થાય છે. એ જ રીતે સ્પેશિયાલ્ટી સ્ટીલની નિકાસ હાલ ૧.૭ મિલિયન ટન છે, જે વધીને ૫.૫ મિલિયન ટન થઈ જશે,




જેમાંથી રૂ. ૩૩,૦૦૦ કરોડની વિદેશી મુદ્રા પ્રાપ્ત થશે. આ યોજનાનો લાભ મોટા ભાગીદારો એટલે કે ઈન્ટિગ્રેટેડ સ્ટીલ પ્લાન્ટ અને નાના ભાગીદારો (સેકન્ડરી સ્ટીલ કંપનીઓ)ને મળશે. સ્પેશિયાલ્ટી સ્ટીલ મૂલ્ય સંવર્ધિત સ્ટીલ છે, જેમાં સામાન્ય રીતે બનતા સ્ટીલને મૂલ્ય સંવર્ધિત સ્ટીલમાં પરિવર્તિત કરવા માટે એના પર કોટિંગ, પ્લેટિંગ, હીટ ટ્રીટમેન્ટ જેવી પ્રક્રિયાઓમાંથી પસાર કરવામાં આવે છે. આ પ્રકારના સ્ટીલનો ઉપયોગ ઓટોમોબાઈલ ક્ષેત્ર, સ્પેશ્યલ કેપિટલ ગુડ્સ વગેરે ઉપરાંત સંરક્ષણ, અંતરિક્ષ, ઊર્જા જેવા વિવિધ વ્યૂહાત્મક ક્ષેત્રોમાં થાય છે. પીએલઆઈ યોજનામાં પસંદ કરવામાં આવેલી સ્પેશિયાલ્ટી સ્ટીલની પાંચ કેટેગરીઓ નીચે મુજબ છે:

-કોટેડ/પ્લેટેડ સ્ટીલ ઉત્પાદનો

-ઊંચી ક્ષમતા ધરાવતા/ ઘસારો અવરોધક સ્ટીલ

-સ્પેશિયાલ્ટી રેલ

-એલોય સ્ટીલ ઉત્પાદનો અને સ્ટીલ વાયર

- ઈલેક્ટ્રિકલ સ્ટીલ

આ યોજના પૂરી થતા આ ઉત્પાદન કેટેગરીઓમાંથી ભારતમાં એપીઆઈ ગ્રેડ પાઈપ, હેડ હાર્ડન રેલ, ઈલેક્ટ્રિકલ સ્ટીલ (ટ્રાન્સફોર્મર અને વિદ્યુત ઉપકરણોમાં આવશ્યક) જેવા ઉત્પાદનોનું નિર્માણ શરૂ થશે એવી અપેક્ષા છે, જેનું અત્યારે બહુ મર્યાદિત પ્રમાણમાં ઉત્પાદન થાય છે અથવા બિલકુલ ઉત્પાદન થતું નથી. પીએલઆઈ પ્રોત્સાહન યોજનાના ત્રણ સ્લેબ છે – સૌથી નીચેનો સ્લેબ છે – ૪ ટકા અને સૌથી ઊંચો સ્લેબ છે – ૧૨ ટકા, જેની જોગવાઈ ઈલેક્ટ્રિકલ સ્ટીલ (સીઆરજીઓ) માટે કરવામાં આવી છે. સ્પેશિયાલ્ટી સ્ટીલ માટે પીએલઆઈ યોજનાથી એ સુનિશ્ચિત થશે કે ઉપયોગ થયેલા મૂળ સ્ટીલને દેશની અંદર પીગળાવવામાં અને ઢાળવામાં આવ્યું છે. એનો અર્થ છે - સ્પેશિયાલ્ટી સ્ટીલનું ઉત્પાદન કરવા માટે ઉપયોગ થતા કાચા માલ (તૈયાર સ્ટીલ)ને ભારતમાં જ બનાવવામાં આવશે. આ રીતે સુનિશ્ચિત થશે કે આ યોજનાથી દેશની અંદર સંપૂર્ણ ઉત્પાદન પ્રક્રિયાને પ્રોત્સાહન મળશે.

# કોરોનાનુ ગ્રહણ: જનહિતમા જામનગરનો લોકમેળો રદ કરવા લેવાયો નિર્ણય

## સ્ટેન્ડીંગ કમીટીમા રીવ્યુ કરાવ્યા બાદ ચેરમેન એ જાહેર કર્યુ



રીપોર્ટ ભરત ભોગાયતા-જામનગર

કમલમ દૈનિક, જામનગર

કોરોના મહામારીએ સમગ્ર ગુજરાતને ઘમરોળ્યું છે, અને થોડા સમયથી માંડ કેસો ઓછા થયા છે, પરંતુ હજુ પણ સરકારે રાજ્યના કેટલાક શહેરોમાં રાત્રી કર્ફ્યું સહિતના નિર્ણયો યથાવત રાખ્યા છે, એવામાં દરવર્ષે શ્રાવણ માસમાં સૌરાષ્ટ્રમાં લોકમેળાનું એક અનેરું મહત્વ છે, પણ કોરોના મહામારીને કારણે આ વર્ષે સૌરાષ્ટ્રના અન્ય જિલ્લાઓની જેમ જામનગરમાં પણ સતત બીજા વર્ષે લોકમેળા રદ કરવાનો નિર્ણય આજે મળેલ જામનગર મનપાની સ્ટેન્ડિંગ કમિટીમાં કરવામાં આવ્યો છે, સરકારની ગાઈડલાઈન્સને ધ્યાને લઈને જામનગરમાં દરવર્ષે યોજાતા લોક મેળાને રદ કરવાનો સતત બીજા વર્ષે નિણર્ય કરવામાં આવ્યો છે, જામનગર શહેરમાં પ્રદર્શન ગ્રાઉન્ડ અને રંગમતી નદીના પટ્ટમાં યોજાતા શ્રાવણી મેળામાં જામનગર શહેર ઉપરાંત આસપાસના ગ્રામીણ વિસ્તારના લોકો પણ મેળાની મોજ માણવા માટે આવતા હોય છે, પણ કોરોના મહામારી અને તકેદારીને જોતા આ વર્ષે લોકમેળા રદ કરવાનો નિર્ણય કર્યાનું સ્ટે.કમિટી ચેરમેન મનીષ કટારીયાએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું.

કમલમ દૈનિક/પ્રાક્ષિક/મંથલી મેગેઝીન માં જાહેરાત, પ્રેસનોટ, આર્ટીકલ માટે સંપર્ક કરો.

ગુજરાત ચીફ બ્યુરો-અજય ખત્રી-મો ૮૯૮૦૭૯૧૦૯૪

| | | | |
|---|---|---|---|
| ઉત્તર ગુજરાત બ્યુરો ચીફ<br>ડેવિડ પટેલ<br>મો-૯૪૨૬૭૫૮૧૮૧ | બ્યુરો ચીફ નવસારી<br>કલ્પેશ પુરાણી<br>મો-૯૯૭૪૧૮૫૬૦૩ | બ્યુરો ચીફ ડાંગ<br>અમરનાથ જગતાપ<br>મો-૭૩૫૯૦૭૦૬૦૫ | બ્યુરો ચીફ મોરબી<br>મહેશ સિંઘવ<br>મો-૯૮૨૭૭૪૮૬૯૧ |
| બ્યુરો ચીફ જામનગર<br>ભરત ભોગાયતા<br>મો-૮૭૫૮૬૫૯૯૭૮ | બ્યુરો ચીફ અમદાવાદ<br>રાકેશ ક્ષત્રિય<br>મો ૯૭૧૪૫૯૨૩૬૩ | બ્યુરો ચીફ બનાસકાંઠા<br>આનંદ ઠક્કર<br>મો-૯૮૨૪૯૬૬૪૫૭ | બ્યુરો ચીફ સાબરકાંઠા<br>યુનુસભાઇ મેમણ<br>મો ૯૬૨૪૯૬૭૦૪૦ |
| બ્યુરો ચીફ સુરત<br>સંજય પટેલ<br>મો-૮૧૪૧૬૫૮૧૪૧ | બ્યુરો ચીફ મહેસાણા<br>વિશ્વાસ પટેલ<br>મો ૮૧૪૦૧૨૦૦૬૮ | બ્યુરો ચીફ દાહોદ<br>અમિત પટેલ<br>મો ૯૪૨૬૫૫૦૪૫૦ | બ્યુરો ચીફ નર્મદા<br>શૈશવકુમાર રાવ<br>મો ૯૪૨૮૯૨૮૮૫૮ |

સમગ્ર ગુજરાતમાં બ્યુરો /તાલુકા ઓફિસ ફાળવવાની છે

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું નામાંકિત અખબાર "કમલમ"

ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર કમલમ દૈનિક/પ્રાક્ષિક/મંથલી મેગેઝિન રસ ધરવતા અનુભવી બિનઅનુભવી વ્યક્તિએ સંપર્ક કરવો.

# મુખ્યમંત્રીશ્રી રૂપાણીએ દ્વારકા ખાતે શીવરાજપુર બીચ અને સિગ્નેચર બ્રિજની કામગીરીની સમીક્ષા કરી



રીપોર્ટ ભરત ભોગાયતા-જામનગર

કમલમ દૈનિક,

મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીએ આજે દેવભૂમિ દ્વારકા ખાતે શીવરાજ બીચની સ્થળ મુલાકાત કરી વિકાસ કામોનું નિરીક્ષણ કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. મુખ્યમંત્રીશ્રી રૂપાણીએ સાંજે સરકીટ હાઉસ, દ્વારકા ખાતે જિલ્લામાં કોરોના રસીકરણની કામગીરી, શીવરાજપુર બીચના કામો અને બેટ દ્વારકા ખાતે તૈયાર થઈ રહેલા સિગ્નેચર બ્રિજની કામગીરી અંગે જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ અને પદાધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી વિકાસ કામોની માહિતી મેળવી જરૂરી સૂચનાઓ આપી હતી. આ સમીક્ષા મુલાકાતમાં પ્રવાસન મંત્રી શ્રી જવાહરભાઈ ચાવડા, પૂર્વ ધારાસભ્ય શ્રી પબુભા માણેક, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી, મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના ચેરમેન શ્રી ધનસુખભાઈ ભંડેરી, પ્રવાસન સચિવશ્રી હરિત શુક્લા, જિલ્લા કલેક્ટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારી, રેન્જ આઈ જી શ્રી, સહિત પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વલસાડનાં મધુબન ડેમના ૯ દરવાજા ખોલાયા, નીચાણવાળા વિસ્તારોને કરાયા એલર્ટ

કમલમ દૈનિક, વલસાડ

વલસાડ જિલ્લામાં અને ઉપરવાસમાં છેલ્લા ૫ દિવસથી ભારે વરસાદ ખાબકી રહ્યો છે. જેના કારણે મધુબન ડેમમાં પાણીની આવકમાં વધારો નોંધાયો છે. પાણીની આવકને કારણે મધુબન ડેમના ૯ દરવાજા ૫ મીટર સુધી ખોલાયા હતા. ૨૧ જુલાઈથી ૨૨ જુલાઈની સવારના ૫ વાગ્યા સુધી ડેમમાંથી દર કલાકે ૧ લાખથી વધુ ક્યૂસેક પાણી છોડવામાં આવ્યું. ડેમમાંથી પાણી છોડાતા દમણગંગા નદીમાં ધોડાપૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી. જેના કારણે નીચાણવાળા ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. દમણમાં ૨૧ જુલાઈની રાતે ભયનો માહોલ છવાયો હતો.

ડેમમાં પાણીની આવક થતા ડેમના ૯ દરવાજા ખોલીને ૧.૪૩ લાખ ક્યૂસેક પાણી દમણગંગા નદીમાં છોડવામાં આવ્યું હતું. જેના કારણે દમણ વિસ્તારના નીચાણવાળા વિસ્તારોમાં પોલીસ અને તંત્ર સતર્ક થઈ ગયા હતા અને તેમના દ્વારા પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. જોકે, સવારે ૭ વાગ્યાની આસપાસ ડેમની સપાટીમાં થોડો ઘટાડો થયો હતો. ડેમની સપાટી ૭૨.૯૦ની આસપાસ પહોંચી છે. ડેમમાં ૪૩૨૪૭ ક્યૂસેક પાણીની આવક છે જ્યારે ૧.૩૪ લાખ ક્યૂસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. જેના કારણે તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.


ડેમમાં પાણીનો ધસમસતો પ્રવાહ વધવાને કારણે તંત્રએ ગામડા અને નીચાણવાળા વિસ્તારોને સાવધાન કર્યા હતા. સ્થળાંતરણ કરવાની સ્થિતિ ઉભી થાય તો લોકોને રાખવા માટે પ્રાથમિક શાળામાં શેલ્ટર હોમ પણ બનાવવામાં આવ્યા છે. વલસાડમાં એક એનડીઆરએફ અને દમણ સેલવાસમાં ડિઝાસ્ટરની ટીમ તેનાત કરવામાં આવી હતી.



રાજ્યમાં આવતીકાલથી ભારે વરસાદની હવામાન વિભાગે આગાહી વ્યક્ત કરી છે. સુરત, નવસારી, વલસાડ અને ડાંગમાં ભારે વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. રાજ્યમાં અત્યાર સુધીમાં સિઝનનો કુલ ૨૦૪.૯૪ મીમી એટલે કે સરેરાશ ૨૪.૬૪ ટકા વરસાદ નોંધાયો છે.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે રાજ્યમાં આવતીકાલથી સતત ત્રણ દિવસ ભારે વરસાદ વરસી શકે છે. જેમાં દક્ષિણ ગુજરાતમાં નવસારી, વલસાડ અને ડાંગમાં ભારે વરસાદ વરસી શકે છે

# લદાખના કેન્દ્ર શાસિત પ્રદેશ માટે સર્વાંગી બહુવિધ હેતુ સહકારની રચના માટે કેબિનેટની મંજૂરી



- **આ વિસ્તારમાં વિકાસ માટે સમર્પિત પ્રથમ ઓર્ગેનાઈઝેશન માટેના કોર્પોરેશન માટે ૨૫ હજાર કરોડના મૂડી ભંડોળની રચના કરાશે**
- **સ્થાનિક ઉત્પાદન અને હેન્ડીક્રાફ્ટના માર્કેટિંગ અને ઉદ્યોગ, પ્રવાસ અને પરિવહનને લગતા કાર્યો માટે આ કોર્પોરેશન કામ કરશે**
- **આ કોર્પોરેશન ખાસ કરીને લદાખમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે બાંધકામ એજન્સી તરીકે કામ કરશે**
- **લદાખ વિસ્તારમાં રોજગારી પેદા કરવા, સામેલગીરી તથા સર્વાંગી વિકાસ દ્વારા આત્મનિર્ભર ભારતના લક્ષ્યાંકને સાર્થક કરાશે**

કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના અધ્યક્ષસ્થાને મળેલા કેન્દ્રીય મંત્રીમંડળે લદાખના કેન્દ્રશાસિત પ્રદેશમાં એક ઈન્ટિગ્રેટેડ બહુવિધ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશનની સ્થાપનાને મંજૂરી આપી હતી. કેબિનેટે આ કોર્પોરેશન માટે મેનેજિંગ ડાયરેક્ટરના એક હોદ્દાને પણ મંજૂરી આપી હતી જેના પગાર ધોરણ રૂ. ૧,૪૪,૨૦૦ થી રૂ. ૨,૧૮,૨૦૦ના લેવલના રહેશે. આ કોર્પોરેશન માટેનું શેર ભંડોળ રૂ. ૨૫ કરોડનું માન્ય રહેશે અને પ્રતિ વર્ષ તેના રિકરિંગ ખર્ચ અંદાજે રૂ. ૨.૪૨ કરોડ રહેશે. આ એક નવી સંસ્થા છે. હાલના તબક્કે નવા જ રચાયેલા લદાખના કેન્દ્રશાસિત પ્રદેશમાં આ પ્રકારનું કોઈ ઓર્ગેનાઈઝેશન નથી. આ મંજૂરીને કારણે લદાખમાં રોજગારીની તકો પણ વધી જશે કેમકે કોર્પોરેશન દ્વારા આ પ્રદેશમાં વિવિધ પ્રકારની વિકાસકીય પ્રવૃત્તિ હાથ ધરાનારી છે. આ કોર્પોરેશન લદાખમાં સ્થાનિક ઉત્પાદન અને હેન્ડીક્રાફ્ટના માર્કેટિંગ અને ઉદ્યોગ, પ્રવાસ અને પરિવહનને લગતા કાર્યો માટે આ કોર્પોરેશન કામ કરશે. આ ઉપરાંત આ કોર્પોરેશન લદાખમાં ખાસ કરીને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે બાંધકામ એજન્સી તરીકે પણ કામ કરશે. કોર્પોરેશનની સ્થાપનાને પરિણામે લદાખના કેન્દ્રશાસિત પ્રદેશમાં સામેલગીરી અને સર્વાંગી વિકાસ થશે. આમ થતાં કોર્પોરેશનને કારણે કેન્દ્રશાસિત પ્રદેશના સમગ્ર વિસ્તાર તથા વસતિના સામાજિક-આર્થિક વિકાસ પણ સુનિશ્ચિત કરાશે. આ વિકાસની અસર બહુપરિમાણીય રહેશે. તેનાથી માનવ સંસાધનના વિકાસને વધુ મદદ મળશે તથા તેનો બહેતર ઉપયોગ કરી શકાશે. તેનાથી માલસામાન તથા સેવાઓના સ્થાનિક ઉત્પાદનને વેગ મળશે અને તેનાથી આ ચીજોના પુરવઠાના સપ્લાયની પણ સવલત રહેશે. આથી આ મંજૂરીથી આત્મનિર્ભર ભારતના લક્ષ્યાંકને સાર્થક કરવામાં મદદ મળશે.

૧. તત્કાલીન જમ્મુ અને કાશ્મીર રાજયના પુનઃસંગઠનને પરિણામે જમ્મુ-કાશ્મીર પુનર્ગઠન અધિનિયમ, ૨૦૧૯ મુજબ લદાખ કેન્દ્રશાસિત પ્રદેશ (વિધાનસભા વિના)નો વિસ્તાર ૩૧.૧૦.૨૦૧૯ના રોજ અસ્તિત્વમાં આવ્યો હતો.

૨. તત્કાલીન જમ્મુ અને કાશ્મીર રાજ્ય તથા જમ્મુ અને કાશ્મીર કેન્દ્ર શાસિત પ્રદેશ તથા લદાખ કેન્દ્રશાસિત પ્રદેશ માટે મિલકતો અને જવાબદારી માટેની નિમણૂંક સંબંધિત ભલામણો કરવા માટે જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન અધિનિયમ, ૨૦૧૯ હેઠળ એક સલાહકાર સમિતિની રચના કરવામાં આવી હતી. આ સમિતિએ આંદામાન અને નિકોબાર ટાપુમાં જે રીતે સર્વાંગી વિકાસ માટે ઈન્ટિગ્રેટેડ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ (ANIIDCO) છે તેના જ ઈન્ટિગ્રેટેડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડની સ્થાપના કરવાની ભલામણ કરી હતી. જેમાં યોગ્ય આદેશ હોય જેથી લદાખની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વિવિધ વિકાસકીય પ્રવૃત્તિ હાથ ધરી શકાય.

૩. કમિટી ઓફ એસ્ટાબ્લિશમેન્ટ એક્સપેન્ડીચર (CEE), નાણા મંત્રાલય દ્વારા એપ્રિલ ૨૦૨૧માં લદાખના કેન્દ્રશાસિત પ્રદેશમાં કોર્પોરેશનની સ્થાપનાની ભલામણ કરવામાં આવી હતી.

# કચ્છ જિલ્લા પંચાયતની સાત સમિતિઓના સુકાની વરાયા



મહેન્દ્ર ગઢવી કારોબારી ચેરમેન | કરશનજી જાડેજા આરોગ્ય સમિતિ | કેશવજી રોશિયા સામાજિક ન્યાય સમિતિ | જયાબેન ચોપડા શિક્ષણ સમિતિ | કંકુબેન આહિર મહિલા બાળ વિકાસ સમિતિ | ધનજીભાઈ હુંબલ સિંચાઈ સમિતિ | જનકસિંહ જાડેજા બાંધકામ સમિતિ

રીપોર્ટ -હસુ ઠક્કર-ભુજ


કમલમ દૈનિક, ભુજ

કારોબારી ચેરમેન પદે મહેન્દ્રભાઈ નારાણભાઈ ગઢવીની સત્તાવાર વરણી કરાઈ : સમિતિઓમાં ક્ષત્રિય અને આહિર સમાજમાંથી ૨ને જ્યારે પટેલ તથા ગઢવી સમાજમાંથી ૧-૧ પદ અપાયા. કચ્છ જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓના સભ્યોની બીજી જુલાઈના મળેલી સામાન્ય સભામાં વરણી થયા બાદ આજરોજ જિલ્લા પંચાયત મધ્યે વિવિધ સમિતિઓના સભ્યોની બેઠક મળી હતી. જેમાં સમિતિના ચેરમેનની વરણી સર્વાનુંમતે કરવામાં આવી હતી.અપેક્ષા મુજબ આજરોજ કારોબારી સમિતિના સભ્યોની બેઠકમાં કારોબારી ચેરમેનના પદે મોટી ભુજપુર બેઠકથી ચૂંટાયેલા મહેન્દ્રભાઈ નારાણભાઈ ગઢવીની વરણી કરાઈ હતી.જયારે સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તરીકે જિલ્લા પંચાયતની તલવાણા બેઠક પરથી ચૂંટાયેલા કેશવજીભાઈ વાછિયાભાઈ રોશિયા વરાયા હતા.શિક્ષણ સમિતિના ચેરમેન તરીકે વિથોણ બેઠક પરથી ચૂંટાયેલા જયાબેન બાબુભાઈ ચોપડાની વરણી કરાઈ હતી. જાહેર આરોગ્ય સમિતિના ચેરમેન તરીકે નિરોણા બેઠક પરથી ચૂંટાયેલા કરશનજી બી. જાડેજા વરાયા હતા. જયારે જાહેર બાંધકામ સમિતિના અધ્યક્ષ પદે સામખિયાળી બેઠક પરથી ચૂંટાયેલા જનકસિંહ બળવંતસિંહ જાડેજાની વરણી કરાઈ હતી.ઉત્પાદન સહકાર અને સિંચાઈ સમિતિના ચેરમેન પદે ગળપાદર બેઠક પરથી ચૂંટાયેલા ધનજીભાઈ નારણભાઈ હુંબલની વરણી કરાઈ હતી.જયારે ભીમાસર (ભુંટકિયા) બેઠક પરથી ચૂંટાયેલા કંકુબેન ભગાભાઈ આહિરની મહિલા બાળ વિકાસ અને યુવા પ્રવૃત્તિઓમાં ચેરમેન પદે વરણી કરાઈ હતી.અત્રે ઉલ્લેખનીય છે કે સમિતિના અધ્યક્ષોમાંથી સામાજિક ન્યાય સમિતિ અને શિક્ષણ સમિતિની મુદત પાંચ વર્ષની પુરી ટર્મ રહેશે. તે સિવાયની સમિતિઓની મુદત અઢી વર્ષની રખાય છે. ચૂંટાયાને ચાર મહિના જેટલો સમયગાળો વિતવા આવ્યો છે. એટલે સત્તાના સુત્રો એટલા ઓછા સમય માટે મળશે. અપીલ સમિતિની રચના થઈ ચુકી છે. પણ તેના અધ્યક્ષ પદે પ્રમુખ સત્તાની રૂએ બનતા હોય છે.

# ભારતીય તટરક્ષક દળે ગુજરાતના ઉમરગામમાં સંકટમાં ફસાયેલા એમવી કંચનના ૧૨ ક્રૂને બચાવ્યા

કમલમ દૈનિક,

ખરાબ હવામાન વચ્ચે વીજળી ન હોવાને કારણે એમવી કંચન ફસાયું. આઈસીજીના એમવી હર્મીઝ દ્વારા એક ઓપરેશનમાં તમામ ૧૨ ક્રૂને બચાવાયા સહાય માટે વધુ આઈસીજી જહાજોને તૈનાત કરવામાં આવ્યા. ભારતીય તટરક્ષક દળે ૨૧ જુલાઈ, ૨૦૨૧ના રોજ ગુજરાતના ઉમરગામમાં ફસાયેલા મોટર વેસેલ (એમવી) કંચનના તમામ ૧૨ ક્રૂને બચાવવામાં આવ્યા. મેરીટાઈમ રેસ્ક્યુ કોઓર્ડિનેશન સેન્ટર (એમઆરસીસી) મુંબઈને ૨૧ મી જુલાઈ, ૨૦૨૧ના ??બપોરે ડી.જી. કમ્યુનિકેશન સેન્ટર, મુંબઈ પાસેથી માહિતી મળી કે એમવી કંચન બળતણનું દૂષિત થવાને કારણે ફસાયેલું છે, જેના કારણે એન્જિન કામ નથી કરી રહ્યું અને ખરાબ હવામાનની સ્થિતિને લીધે ત્યાં કોઈ વીજળી નથી. મોડી સાંજે જહાજના માલિકે જાણ કરી કે એમવી કંચન, સ્ટીલના કોઈલને કાર્ગો તરીકે લઈ જઈ રહ્યું હતું, એક્કર નીચે ઉતરી ગયું અને સ્ટારબોર્ડ (જમણી બાજુ) તરફ ઝુકી રહ્યું હતું. એમઆરસીસી મુંબઈએ તુરંત જ ઈન્ટરનેશનલ સેફ્ટી નેટ (આઈએસએન) ને સક્રિય કર્યું અને એમવી હર્મીઝને તુરંત વ્યથિત



જહાજ તરફ વાળવામાં આવ્યું. ઉબડ-ખાબડ સમુદ્રને પાર કરતા એમવી હર્મીઝે રાત્રિના એક ઓપરેશનમાં એમવી કંચનનાં તમામ ૧૨ ક્રૂને સુરક્ષિત બહાર કાઢ્યા. ડી.જી. શિપિંગ, મુંબઈ દ્વારા ફસાયેલા જહાજને મદદ કરવા માટે ઈમર્જન્સી ટોઈંગ વેસલ (ઈટીવી) વોટર લિલી પણ ગોઠવવામાં આવી છે. આ ઉપરાંત, વહાણના માલિકો દ્વારા વહાણને સહાય આપવા માટે બે ટગ ગોઠવવામાં આવી છે.

# રાષ્ટ્રીય નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના છત્રાલ જી.આઈ.ડી.સી. ખાતે રક્તપિત્તના રોગનો સર્વે કરાયો : એક કેસ રક્તપિત્તનો પોઝિટીવ મળ્યો




## ગાંધીનગર જિલ્લામાં રક્તપિત્તને નાબૂદ કરવા વિવિધ કાર્યક્રમોનું આયોજન : છત્રાલમાં રક્તપિત્ત સર્વેમાં કંપનીમાં કામ કરતા ૨૦૦થી વધુ વ્યક્તિઓની તપાસ કરાઈ

કમલમ દૈનિક, ગાંધીનગર

ગાંધીનગર જિલ્લામાં રાષ્ટ્રીય નિર્મૂલન કાર્યક્રમ ચાલી રહ્યો છે. જે અંતર્ગત તાજેતરમાં કલોલ તાલુકાની છત્રાલ જી.આઈ.ડી.સી. ખાતે રક્તપત્તિના રોગનો સર્વે કરવામાં આવ્યો હતો. જેમાં રક્તપત્તિના લક્ષણો ધરાવતા ૫ શંકાસ્પદ વ્યક્તિઓ મળી આવ્યા હતા. જેઓની તપાસના અંતે એક કેસ પોઝિટીવ આવ્યો હતો. જેમની સારવાર શરૂ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર જિલ્લામાં ૧૨ રક્તપત્તિના કેસ છે, જિલ્લા રક્તપિત્ત અધિકારી શ્રી ડાં. દિપક પટેલે જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લા રક્તપિત્ત અધિકારી શ્રી ડાં. દિપક પટેલે વધુમાં જણાવ્યું છે કે, રાજ્ય સરકાર દ્વારા આરોગ્યલક્ષી સેવાઓને વધુ સઘન બનાવવામાં આવી રહી છે. સરકાર દ્વારા રક્તપત્તિને નાબૂદ કરવા વિવિધ કાર્યક્રમો કરવામાં આવે છે. હાલમાં રક્તપિત્તના કેસ ખૂબ જ ઓછા પ્રમાણમાં જોવા મળે છે. જેથી સમાજમાં છુપાયેલ આવા રક્તપત્તિના કેસ શોધવા માટે જિલ્લા ક્ષય કેન્દ્ર, ગાંધીનગર દ્વારા રાષ્ટ્રીય નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત રક્તપત્તિના રોગનો સર્વે કરવામાં આવી રહ્યો છે. જે અંતર્ગત કલોલ તાલુકાના છત્રાલ જી.આઈ.ડી.સી વિસ્તાર જિલ્લા રક્તપત્તિ વિભાગના કર્મચારીઓ અને પાનસર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સ્ટાફ દ્વારા રક્તપત્તિના રોગનો સર્વે કરવામાં આવ્યો હતો. આ સર્વે દરમ્યાન રક્તપિત્તના લક્ષણો ધરાવતા ૫ શંકાસ્પદ કેસ મળ્યા હતા. જેમની જરૂરી મેડિકલ તપાસ કરતા એક રક્તપિત્તનો કેસ મળ્યો હતો. જેમની હાલમાં સારવાર ચાલુ છે. રક્તપિત્તના દર્દીમાં શરીર ઉપર કોઈ પણ જગ્યા એ ચાઠુ સીધું કે ઉપસેલું, આંખો ની ભ્રમર ખરી જવી, ચામડી ચળકાટ થઈ જવી, કાન ની બૂટ જાડી થઈ જવી, સંવેદનાનો અભાવ, ચાલતા ચાલતા પગ ના ચપલ નીકળી જવા, અલ્સર થવું અને શરીર ઉપર નાની નાની ગાંઠો થવી જેવા લક્ષણો જોવા મળે છે. રક્તપત્તિના સર્વે માં છત્રાલ વિસ્તારમાં આવેલી કંપનીમાં કામ કરતા ૨૦૦થી વધુ કામદારોને રક્તપિત્ત ના લક્ષણો વિશે માહિતી મેળવવામાં આવી હતી. જેમાંથી પાંચ શંકાસ્પદ કેસ જોવા મળ્યા હતા. હજુ આ વિસ્તારની કંપનીમાં આરોગ્ય સ્ટાફ દ્વારા સર્વે કરવામાં આવશે. રાષ્ટ્રીય રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત સારવારમાં મુકાયેલ દર્દી ને મલ્ટી ડ્રગ થેરાપી (MDT) દ્વારા તેમજ અલ્સર વાળા દર્દીઓ માટે અલ્સર કીટ અને સ્ક્રઈ (માઈક્રો સેલ્યુલર રબર) આપવામાં આવે છે. તેવું જિલ્લા રક્તપિત્ત અધિકારી શ્રી ડાં. દિપક પટેલે જણાવ્યું છે.

# વડોદરા શહેરમાં ગૌરીવ્રત ના પાવન પ્રસંગે વોર્ડ નં. ૧૬ માં શહેર ભાજપ મહિલા મોરચા દ્વારા ફરાળી પેકેટસ નું વિતરણ

કમલમ દૈનિક,

હાલ વડોદરા શહેરમાં અનેરા ઉમંગ અને ઉત્સાહથી ચાલી રહેલ ગૌરીવ્રતના પાવન અવસરે વડોદરા શહેર ભાજપ મહિલા મોરચા દ્વારા વોર્ડ નંબર ૧૬ માં મહિલા મોરચાના પ્રમુખ શ્રીમતી કલ્પનાબેન પટેલની આગેવાનીમાં પ્રમુખ સ્વામી નગર, ગુરુકુળ ખાતે ૨૨૫ જેટલી વ્રત કરનારી બાળાઓને શહેર ભાજપ અધ્યક્ષ ડોક્ટર વિજયભાઈ શાહ, શહેર મહામંત્રીશ્રી સુનિલભાઈ સોલંકી, શ્રી જશવંતસિંહ સોલંકી, શ્રી રાકેશભાઈ સેવકના હસ્તે ડ્રાયફ્રૂટ્સ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. વધુમાં મહિલા મોરચા મહામંત્રી ગાર્ગીબેન દવે અને શુભાગીનીબેન જગતાપ જણાવે છે

કે વોર્ડ ૧૬માં એક સફળ કાર્યક્રમના આયોજન પછી બીજો કાર્યક્રમ પુ.દર્શન સ્વામીજીના સાનિધ્યમાં સ્વામિનારાયણ મંદિર ખાતે રાખવામાં આવ્યો હતો જ્યાં ૧૭૫ જેટલી બાળાઓને પણ ફરાળી ખાધ સામગ્રી અને ડ્રાયફ્રુટ પેકેટ્સના વિતરણ કરવામાં આવ્યું હતું,

આજના આ કાર્યક્રમમાં કોર્પોરેટર શ્રીમતી સ્નેહલબેન પટેલ, શ્રી ઘનશ્યામભાઈ સોલંકી, શહેર અનુ.જનજાતિ મોરચા પ્રમુખશ્રી ભુરસીંગભાઈ રાઠવા, વોર્ડ પ્રમુખશ્રી ભરતભાઈ ઠક્કર સહીત વોર્ડ મહિલા મોરચાના કાર્યકર્તા બહેનો ઉપસ્થિત રહી હતી.

# વઘઈ તાલુકાના સુપદહાડ ગામે બાઈક ચાલક ઈસમ તણાયો



રીપોર્ટ -અમરનાથ જગતાપ-ડાંગ

કમલમ દૈનિક, આહવા

ડાંગ જિલ્લાના વઘઈ તાલુકાના સુપદહાડ ગામે આજે બપોરે ૧ વાગ્યાના સુમારે અંબિકા નદી પર આવેલા કોઝ વે ઉપર ફરી વળેલા પાણીના પ્રવાહ વચ્ચેથી પસાર થતા, એક મોટર સાયકલ ચાલક ઈસમનુ તણાઈ જવાથી મોત નિપજવા પામ્યુ છે. જિલ્લા ફલડ કન્ટ્રોલ કક્ષ તરફથી પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર મૃત્યુ પામનાર ઈસમ રાજકોટ જિલ્લાનો વતની હોવાની પ્રાથમિક વિગતો જાણવા મળી છે. ડાંગ જિલ્લામા પડી રહેલા એકધારા વરસાદને કારણે જિલ્લાના વઘઈ તાલુકાની અંબિકા નદી ઉપરના બે જેટલા લો લેવલ કોઝ વે આજે ચાર વાગ્યાની સ્થિતિએ પણ ઓવર ટોપિંગ થવાને કારણે વાહન વ્યવહાર માટે બંધ કરાયા છે. ડાંગ જિલ્લા પંચાયતના માર્ગ અને મકાન વિભાગ તરફથી મળેલી વિગતો અનુસાર વઘઈ તાલુકાના સુપદહાડ-સૂર્યા બરડા તથા નાનાપાડા-કુમારબંધ માર્ગ વરસાદી પાણીને કારણે અવરોધાયા છે. આ માર્ગેથી આવનજાવન કરતા વાહનચાલકો તથા રાહદારીઓને પ્રશાસને સૂચવેલ વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવાનો અનુરોધ પણ કરાયો છે. અસરગ્રસ્ત માર્ગો પૈકી સુપદહાડ-સૂર્યાબરડા રોડ બંધ થતા આ માર્ગે આવતા સુપદહાડ, મોટાબરડા, લ્હાનબરડા, અને સૂર્યાબરડા ગામોના વાહન ચાલકો દગુનિયાના વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરી શકે છે. જ્યારે નનાપાડા-કુમારબંધ માર્ગ ઉપર આવતા કુમારબંધ, અને બોરદહાડ ગામના લોકો આહેરડી-બોરદહાડ રોડ નો ઉપયોગ કરી શકે છે. ઉલ્લેખનિય છે કે, આજે સવારના ૬ વાગ્યાથી સાંજના ચાર વાગ્યા સુધી ડાંગ જિલ્લાના આહવા તાલુકામા ૨૭ મી.મી., વઘઈ ૨૮ મી.મી., સુબિર ૩૩ મી.મી., અને સાપુતારા ખાતે ૨૮ મી.મી. વરસાદ નોંધાવા પામ્યો છે. છેલ્લા એક સપ્તાહથી વરસી રહેલા એકધારા વરસાદને કારણે જિલ્લાની નદીઓમા નવા નીર વહેતા થયા છે. સાથે અહીંના નાનામોટા જળધોધ પણ પુનઃજીવિત થતા પર્યટકોની અવરજવર શરૂ થઈ ચૂકી છે. ત્યારે સાવચેતી એ જ સલામતી ના મૂળમંત્ર સાથે સૌને પ્રસાશનિક પ્રયાસોમા સહકારની અપીલ કરવામા આવી છે.

# લાલપર ના યુવાનો ની મદદ થી વેક્સિનેશન કેમ્પ નુ આયોજન



રીપોર્ટ - મહેશ ડી સિંધવ-મોરબી

કમલમ દૈનિક,

મોરબી જીલ્લા પંચાયત આરોગ્ય સમિતિ ના ચેરમેન શ્રી હીરાભાઈ ટમારીયા તથા મોરબી તાલુકા ભાજપ પ્રમુખ અરવિંદ ભાઈ વાસદડીયા દ્વારા લાલપર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે વેકિસન નો પ્રથમ ડોઝ લેવા આવનાર યુવાનો ને ફુલ આપી આવકારવા મા આવ્યા આજરોજ દુનિયા ના સૌથી મોટા રસીકરણ અભિયાન અંતર્ગત લાલપર ખાતે વેકિસન લેવા માટે પી એચ સી લાલપર દ્વારા અને લાલપર ના યુવાનો ની મદદ થી વેકિસનેશન કેમ્પ નુ આયોજન કરવામા આવેલ આ તકે આરોગ્ય સમિતિ ના ચેરમેન શ્રી હીરાભાઈ ટમારીયા અને મોરબી તાલુકા ભાજપ પ્રમુખ અરવિંદભાઈ વાસદડીયા દ્વારા યુવાનોને વેકિસન પ્રત્યે ઉત્સાહિત કરવા પ્રથમ ડોઝ લેનાર યુવાનો ને ફુલ આપી આવકારવામા આવ્યા તેમજ ચેરમેન શ્રી દ્વારા અપિલ કરવામા આવી કે કોઈ પણ ગેરમાન્યતા મા દોરાયા વિના વેકિસન લેવી જોઈએ કારણ કે વેકિસન થી જ આપણે કોરોના ની ત્રીજી લહેર ને રોકી શકીશુ અને સમગ્ર ભારત મા ઝડપ થી રસી કરણ થઈ રહ્યું છે ત્યારે આપણો જીલ્લો પણ પાછળ ન રહે માટે આરોગ્ય વિભાગ દ્વારા જે શેડયુલ આપવામા આવે એ પ્રમાણે શાંતિ થી તમામ લોકો વેકિસનેશન કરાવે આ તકે ચેરમેન શ્રી તથા પ્રમુખ શ્રી દ્વારા આરોગ્ય ની અમૂલ્ય સેવા આપતા આરોગ્યકર્મી ને અભિનંદન આપવા મા આવ્યા નિષ્ઠા પુર્વક ની સેવા ને બિરદાવવા મા આવી તથા લોકો ની ઓરોગ્ય લક્ષી સેવા માટે મોરબી આરોગ્ય વિભાગ તત્પર છે એવો કોલ હીરાભાઈ ટમારીયા દ્વારા આપવામા આવ્યો આ કાર્યક્રમ ને સફળ બનાવવા મેડીકલ ઓફિસર હિરેન ભાઈ,તથા PHC સ્ટાફ,લાલપર ગ્રામ પંચાયત ના સરપંચ શ્રી રમેશભાઈ,સદસ્ય શ્રી કમલેશ ભાઈ, મુકેશભાઈ, પ્રવિણભાઈ, અણદાભાઈતથા લાલપર યુવા ગ્રુપ વિપુલભાઈ , વિરલભાઈ,મનિષભાઈ, લાલજીભાઈ સોલંકી, વગેરે એ જહેમત આપી હતી

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028